# SANTA CLARA કાઉન્ટી

## ચૂંટણી વહીવટ યોજના

નવેમ્બર 2021 માં સુધારેલ

# વિષયસૂવિ


પ્રસ્તાવના ........ 4

ભાગ 1 – ચૂંટણી વહીવટ યોજના ........ 6

વોટ-બાય-મેઈલ (VBM) પ્રક્રિયા ........ 6

મેઈલ થકી સુલભ મતદાન ........ 8

બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો ........ 10

મત કેન્દ્રો ........ 14

મતદારની નોંધણી ........ 15

પૂરક મતપત્ર ........ 16

મત કેન્દ્રોમાં સુલભ મતદાન ........ 17

ભાષાકીય સહાય ........ 19

મત કેન્દ્ર નિયુક્તિ વિચારણા ........ 22

ચૂંટણી અધિકારીઓનું બંધારણ ........ 23

ઇલેક્ટ્રોનિક પોલબુક્સ (ઈ-પોલબુક્સ) ........ 23

આઉટરીચ ........ 25

જાહેર પરામર્શ ........ 25

જાહેર સૂચનાઓ ........ 25

ભાષા સુલભતા અને મતદાન સુલભતા સલાહકાર સમિતિઓ ........ 26

ભાગ 2 - મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના ........ 27

વિભાગ 1: મતદાર સંપર્ક - સામાન્ય ........ 27

મીડિયાનો ઉપયોગ ........ 28

સામુદાયિક હાજરી યોજના અને મતદાતા શિક્ષણ સામગ્રીઓ ........ 30

સીધા મેઈલર્સ ........ 30

ROV વેબસાઇટ પર મતદાર શિક્ષણ સંસાધનો ........ 30

વિભાગ 2: મતદાર સંપર્ક – ભાષાકીય લઘુમતી સમુદાયો ........ 31

ભાષા લઘુમતી સમુદાયની ઓળખ કરવી ........ 31

ભાષાકીય લઘુમતી સમુદાયોને સેવા આપવી જોઈએ ........ 31
ભાષાકીય લઘુમતી સમુદાયો માટે મતદાર શિક્ષણ વર્કશોપ ........ 32
ભાષાકીય લઘુમતી સમુદાયોને લક્ષ્યમાં રાખીને મીડિયાનો ઉપયોગ ........ 32
ચૂંટણી અધિકારીઓ ........ 34
વિભાગ 3: મતદાર સંપર્ક – વિકલાંગ મતદારો ........ 36
વિકલાંગ મતદારોની જરૂરિયાતોની ઓળખ કરવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ ........ 36
વિકલાંગ સમુદાયો માટે આઉટરીચ ........ 37
વિકલાંગ મતદારો માટે સેવાઓ ........ 37
વિકલાંગતા સમુદાય માટે મતદાર શિક્ષણ વર્કશોપ ........ 38
વિકલાંગ મતદારોને શિક્ષણ આપવા માટે ઉપયોગમાં લેવાતી સામગ્રીઓ ........ 38
ચૂંટણી અધિકારીઓ ........ 38
વિભાગ 4: મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન માહિતી ........ 39
મત કેન્દ્ર સ્થાનો ........ 39
બૅલટ ડ્રોપ-ઓફ સ્થાનો ........ 40
નિવારક પગલાં ........ 40
આકસ્મિક ઘટના માટે આયોજન ........ 41
વિભાગ 5: મત કેન્દ્ર દ્ર બૅલટ સુરક્ષા અને ગોપનીયતા આયોજનો ........ 41
મત કેન્દ્ર રચના અને લે-આઉટ ........ 41
મતદાન સુરક્ષા ........ 42
વિભાગ 6 – બજેટ ........ 43

# પ્રસ્તાવના

California મતદારની પસંદગી અધિનિયમ (VCA), અથવા સેનેટ બિલ (SB) 450 (Allen, D-26) ને સપ્ટેમ્બર 29, 2016 ના રોજ સહી કરીને કાયદાનું રૂપ અપાયું હતું, જેનાથી કલમ 4005, જે અધિકૃત કાઉન્ટીઓને, તેમના સુપરવાઇઝરોના બૉર્ડની મંજૂરી મળ્યેથી, અમુક ચોક્કસ જરૂરિયાતો સાથે, કોઈપણ ચૂંટણીનું સંચાલન મેઈલ (ટપાલ) થકી કરવાની પરવાનગી આપે છે, તેનો California ચૂંટણી સંહિતામાં ઉમેરો થયો. VCA હેઠળ, તમામ મતદારોને ચૂંટણીના 29 દિવસ પહેલાં મતદારોને ટપાલથી મતપત્ર મોકલવામાં આવેલ છે, તથા લોકોના સુચનોના આધારે દરેક કાઉન્ટી, સમગ્ર કાઉન્ટીમાં અનેક મત પેટી સ્થાનો ઊભા કરે છે, જ્યાં કાઉન્ટીનો કોઈપણ મતદાર પોતાનો મત આપી શકે છે. આ કાયદો મતદાનના વિકલ્પો વિસ્તારીને મતદાર સહભાગિતા તથા મતદારના રસને વધારીને ચૂંટણીઓનું આયોજન કરવાના અનેક ચૂંટણી સુધારાઓમાંનો એક છે.

VCA પૂર્વે, ચૂંટણીઓ પરંપરાગત મતદાન મથક મોડેલ હેઠળ સંચાલિત કરવામાં આવતી હતી. આ મેઈલ (ટપાલ)-દ્વારા-મત અને પોલિંગ સ્થળ વહીવટનું એક સંયુક્ત મોડલ હતું. ચૂંટણી સંહિતા §12261(a) એ જરૂરી બનાવે છે કે કાઉન્ટી ચૂંટણી અધિકારીઓ, મહત્તમ 1,000 મતદારો વાળું એક અને એક દરેકનું એક ભિન્ન મતદાન સ્થળ હોય તેવા મતદાન અધિકાર ક્ષેત્રોની સ્થાપના કરે (જે કાઉન્ટી અને રાજ્યને દરેક મતદાન અધિકાર ક્ષેત્ર માટે ચૂંટણી પરિણામોનો અહેવાલ કરવા સમર્થ બનાવે તે માટેના આંકાડા તરીકે પણ કામ આપે છે). 2002 માં, કોઈપણ મતદાતાને કાયમી ટપાલથી મત માટેની સ્થિતિની વિનંતી કરવા અને ઓટોમેટિક મતપત્ર મળે તે માટે કેલિકોર્નિયાની ચૂંટણી સંહિતાનો વિસ્તાર કરવામાં આવ્યો હતો; તેમના મતદાનની મર્યાદા અને મતપત્રના પ્રકારથી અલગ એવા ટપાલથી મત આપવા માગતા અન્ય પણ દરેક ચૂંટણીમાં તેની વિનંતી સબમિટ કરી શકે અથવા તેમના સોંપેલ મતદાન સ્થળે વ્યક્તિગત રૂપે મત આપી શકે છે.

એપ્રિલ, 2019માં, કાઉન્ટી ઑફ Santa Clara બોર્ડ ઑફ સુપરવાઈઝરોએ રજિસ્ટ્રાર ઑફ વોટર્સને VCA હેઠળ ચૂંટણીઓ કરવા માટે મંજૂરી આપી હતીSanta Clara કાઉન્ટી દ્વારા VCAના અમલીકરણ સાથે, ચૂંટણીઓ એક નવા મત કેન્દ્ર મોડલ હેઠળ યોજવામાં આવે છે. નવા મોડેલ પ્રમાણે, *દરેક* નોંધાયેલ મતદારને ચૂંટણીના 29 દિવસો પહેલાં મેઈલ બૅલેટ દ્વારા આપમેળે મતપત્રક મેઈલ કરી દેવામાં આવે છે. મતદારો તેમનું મતપત્ર ત્રણમાંથી કોઈપણ એક રીતે પરત કરી શકે છે: ટપાલ દ્વારા (ટપાલ ખર્ચ ચૂકવેલ), મતપેટીના સ્થાન પર, અથવા કાઉન્ટીમાં કોઈપણ મત કેન્દ્ર પર. મતદારોએ ટપાલ દ્વારા મતદાન કરવું આવશ્યક નથી અને અને તેને બદલે Santa Clara કાઉન્ટીમાં મતદારોના રજિસ્ટ્રાર (ROV) ની કચેરી ખાતે અથવા ***કોઈપણ*** મત કેન્દ્ર ખાતે જાતે મત આપવા માટે એક મતપત્ર પ્રાપ્ત કરી શકે. હવે, મતદારો પાસે

મત આપવા માટે માત્ર એક જ સ્થાનના બદલે, ચૂટણીના દિવસ ઉપરાંત મત કેન્દ્રો કાઉન્ટીમાં નોંધાયેલા *તમામ* મતદારો માટે ચૂટણીના અમુક દિવસો પહેલાંથી જ ખુલ્લા રહે છે.

સમુદાય કાઉન્ટી VCA માં ફેરફારોથી પૂરી રીતે જાણકાર રહે તે વધુ સુનિશ્ચિત કરવા માટે, ROV એક મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC) અને એક ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC) બંનેની સ્થાપના કરશે. VAAC નો હેતુ વરિષ્ઠો અને વિકલાંગ વ્યક્તિઓને ચૂંટણીની પ્રક્રિયાની સુગમતા અંગે સલાહ આપવાનો, વધારામાં સહાય કરવાનો અને ભલામણો પૂરી પાડવાનો છે. VAAC નું ધ્યેય તમામ મતદારોને સ્વતંત્રપણે અને ખાનગી રીતે મત આપવાની તક પૂરી પાડવાનું છે. LAAC નો હેતુ બહુધા અંગ્રેજી સિવાયની કોઈ ભાષા બોલતા હોય તેવા મતદારો દ્વારા ચૂંટણીની પ્રક્રિયા અંગે ભાષા સુલભત સંબંધિત બાબતોમાં સલાહ આપવી, મદદ કરવી અને ભલામણો પૂરી પાડવાનો છે. ભાષા સુલભતા તકોને વધારવામાં મદદરૂપ થુ એ LAAC નું ધ્યેય છે. બંને સમિતિઓ ROV ને અગત્યના માર્ગદર્શનની રજૂઆત કરે છે અને કાઉન્ટી માટે મતદાર આઉટરીચ તથા ચૂંટણી વહીવટ બંને માટે મૂળભૂત ઘટકો છે. ROV ક્યાં તો LAAC અથવા તો VAAC માં સભ્યપદ માટે સતત ચાલુ રહેતા ધોરણે અરજીઓ સ્વીકારે છે. બંનેમાંથી કોઈ એક સમિતિના સભ્યપદ માટે અરજી કરવા, અરજીઓ ROV ની વેબસાઇટ: www.sccvote.org/voterschoiceપર મળી શકે છે.

ROV રહીશોને VCA અને સામુદાયિક સમાવેશ તકો વિશે જણાવવા માટે પોતાના મતદાર શિક્ષણ કાર્યક્રમને વિસ્તારવા માટે એક મતદાર શિક્ષણ અને આઉટરીચ ગઠબંધન (VEOC) ની સ્થાપના કરેલ છે. આ ચૂંટણી વહીવટ યોજના (EAP) માં આ સમિતિઓ તથા વિવિધ ભાગીદાર સંસ્થાઓ તરફથી પ્રતિભાવ અને માહિતીનો સમાવેશ થાય છે.વધુમાં, અમારા ઓનલાઈન ફીડબેક ફોર્મ અને સાર્વજનિક EAP મીટીંગ દ્વારા લોકો તરફથી મળેલ પ્રતિસાદને સંપૂર્ણ રીતે ધ્યાનમાં લેવામાં આવે છે અને જ્યાં યોગ્ય હોય ત્યાં તેનો અમલ કરવામાં આવે છે.VCA હેઠળ સફળતાપૂર્વક ચૂંટણી કરવા માટે અને Santa Clara કાઉન્ટીમાં ચૂટણીના આયોજનની નવી કાર્ય પદ્ધતિ લાગુ કરવા માટે સમુદાયનો ટેકો મેળવવો મહત્ત્વપૂર્ણ છે.

VCA હેઠળ કાઉન્ટીની ચૂંટણીઓના આચાર પર લોકો પાસેથી મેળવેલા પ્રતિસાદ દ્વારા, ROV એ વિનંતી કરેલ ફેરફારોને પ્રતિબિંબિત કરવા માટે પ્રારંભિક EAP અપડેટ કરવામાં આવ્યું છે.

આ દસ્તાવેજ VCA હેઠળ Santa Clara કાઉન્ટી કેવી રીતે ચૂટણી યોજે છે તેનું માર્ગદર્શન પુરુ પાડે છે. સંદર્ભ માટે, પરિશિષ્ટ A પર આપેલી શબ્દસૂચિમાં કોઈપણ તકનીકી અથવા ચૂંટણી-સબંધિત શબ્દોની પરિભાષા આપવામાં આવેલ છે.

# ભાગ 1 – ચૂંટણી વહીવટ યોજના

મતદારોની પસંદગીનો અધિનિયમ (VCA) નું અમલીકરણ કરતી દરેક કાઉન્ટીએ ફેરફારો મતદારોને કેવી રીતે અસર કરે છે, તે સમજવા માટે અનિવાર્ય માહિતી ધરાવતી ચૂંટણી વહીવટ યોજનાનો ડ્રાફ્ટ બનાવવો જરૂરી છે. EAP ને બે ભાગોમાં વિભાજિત કરવામાં છે: ભાગ 1 - ચૂંટણી વહીવટ અને ભાગ 2 - શિક્ષણ અને આઉટરીચ યોજના.

## વોટ-બાય-મેઈલ (VBM) પ્રક્રિયા

EAP માં મત કેન્દ્રો અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો અને કલાકો, ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC) અને મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC) બંનેની સ્થાપના, મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના, જાહેર ઇનપુટ અને સૂચનાને ધ્યાનમાં લેવા વિશે માહિતી, અને અન્ય સંબંધિત સામગ્રીનો સમાવેશ થાય છે.

મત કેન્દ્ર મોડલમાં, તમામ નોંધાયેલા મતદાતાને મેઈલ પેકેટ દ્વારા આપમેળે અધિકૃત મત મોકલવામાં આવે છે. આ પેકેટ મતદારોને એક સફેદ પરબિડિયામાં મોકલવામાં આવે છે, જેમાં નીચે મુજબ હોય છે:

- એક ભૂરું પરત પરબિડિયું
- આધિકારિક મતપત્ર, જે ચૂંટણીમાં કેટલા ઉમેદવારો છે તેના ઉપર આધાર રાખે તેમ એક કરતાં વધુ મતપત્ર કાર્ડ્સ પર હોઈ શકે છે
- મતપત્રને કેવી રીતે પૂરું કરવું અને પરત કરવું તેની સૂચનાઓ વાળું એક કાગળ
- મત કેન્દ્ર અને બૅલેટ ડ્રોપ-ઑફ સ્થાનો તથા કામગીરીના કલાકો વાળું એક કાગળ
- એક “મેં મત આપ્યો” સ્ટીકર
- કોઈ વધારાની માહિતી ધરાવતો એક વધારાનો કાગળ, જો જરૂર હોય તો

તમામ અધિકૃત મતપત્રોને ચૂંટણીના દિવસથી 29 દિવસ પહેલાં શરુ કરતાં યુનાઇટેડ સ્ટેટ્સ પોસ્ટલ સેવા થકી ટપાલમાં મોકલવામાં આવે છે. મતદારોને તેમના મેઈલ-દ્વારા-મત પેકેટ્સ આના થોડા સમયમાં જ મળવા શરુ થઈ જવા જોઈએ.

મતદારો પોતાના મેઈલ મતપત્ર દ્વારા પોતાનો મત આપી દે, પછી તેઓ પૂરા પાડવામાં આવેલા ટપાલ ખર્ચ ચૂકવેલા પરત પરબિડિયાનો ઉપયોગ કરીને સાધારણ ટપાલ દ્વારા તેમના મતપત્રો પરત કરી શકે છે, અથવા મતપત્રને કોઈપણ મત કેન્દ્ર અથવા બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન પર પરત કરી શકે છે. તમામ

મત કેન્દ્રો બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન તરીકે પણ કામ કરે છે, જ્યારે અમુક બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો સ્ટેન્ડ-અલોન છે અને કાઉન્ટીમાં ફેલાયેલા નિર્દિષ્ટ સ્થાનો પર મૂકવામાં આવેલ છે.

જો કોઈ મતદારને તેમનું મતપત્ર સમયસર ન મળે, અથવા જો તેમણે પોતાના પત્ર પર કોઈ ભૂલ કરી હોય, તો તેઓ પોતાનું મતપત્ર બદલી આપવા વિનંતી કરી શકે છે. તેમના બદલી કરેલા મતપત્ર સાથે તેમને એક નવું મેઈલ-દ્વારા-મત પેકેટ ટપાલમાં મોકલવામાં આવે છે. જો તેમણે પોતાનું મતપત્ર ચૂંટણીના દિવસના સાત કરતાં ઓછા દિવસો પહેલાં બદલવાની જરુર હોય, તો તેમણે નવા મતપત્ર માટે મતદારોના રજિસ્ટ્રાર (ROV) ની કચેરી, અથવા કોઈ મત કેન્દ્રની મુલાકાત લેવી જરૂરી છે.

પ્રાથમિક ભાષા તરીકે અંગ્રેજી સિવાય ભાષા બોલે છે તેવા નોંધાયેલા મતદારો માટે, દ્વિભાષી મતપત્રો આઠ ભાષાઓમાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે: ચાઇનીઝ, સ્પેનિશ, ટાગાલોગ, વિએટનામીસ, ખ્મેર, કોરિયન, હિન્દી અને જાપાનીઝ. ચૂંટણી સંહિતા § 14201 ની આપૂર્તિ માટે લક્ષિત અધિકારક્ષેત્રો માટે વિનંતી કરવાથી ગુજરાતી, નેપાળી, પંજાબી, તામિલ અને તેલુગુ ભાષામાં પ્રતિકૃતિ મતપત્રો પણ ઉપલબ્ધ કરવામાં આવે છે. ક્ષેત્રિય માહિતી વ્યવસ્થાઓ આં હિન્દીકલન વિભાગ એ નક્કી કરે છે કે દરેક ચૂંટણીમાં ક્યા અધિકારક્ષેત્રોને નોંધાયેલા મતદારોની ભાષાઓના આધારે પ્રતિકૃતિ મતપત્રો મળશે. આ ભાષાઓમાંથી, મતદાતાઓ તેમની પસંદગીની ભાષા જ્યારે તેઓ મત આપવા માટે નોંધણી કરાવે ત્યારે નોંધણી પત્રકમાં નિર્દિષ્ટ કરી શકે છે. મતપત્રો અને મેઈલ દ્વારા મતની સામગ્રીઓને તેમની પસંદગીની ભાષામાં મોકલવામાં આવે છે. મતદારો ROV કચેરીનો ફોન (408) 299-VOTE, ફેક્સ (408) 998-7314, ઈ-મેઈલ voterinfo@rov.sccgov.org દ્વારા, જાતે જઈને અથવા એક મતદાતા ક્રિયા વિનંતી ફોર્મ (VARF) થકી સંપર્ક કરીને પોતાની ભાષા પસંદગી બદલવા વિનંતી પણ કરી શકે છે. મતદાર ROV કચેરી ખાતેથી VARF મેળવી શકે છે, અથવા તે તેમને ઈ-મેઈલ, ફેક્સ, અથવા ટપાલથી મોકલી શકાય છે. વૈકલ્પિક પણે, VARF ROVની વેબસાઇટ પર મળી શકે છે અને કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકા (CVIG) ની અંદર પણ મળી શકે છે.

## મેઈલ થકી સુલભ મતદાન

મતદારો ROV કચેરીનો સંપર્ક કરીને, સુલભ ફોર્મેટમાં પણ મતદાન સામગ્રી માટે વિનંતી કરી શકે છે. મતદારો તેમની કાઉન્ટી વોટર ઈન્ફોર્મેશન ગાઈડ (CVIG) ઈ-બુકની ઈલેક્ટ્રોનિક નકલની પણ વિનંતી કરી શકે છે, જે. ઍક્સેસિબિલિટી માટે ટૅગ કરેલી તેમની કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકા (CVIG) ની ઇલેક્ટ્રોનિક નકલની વિનંતી કરી શકે છે. એક વખત મતદાર આવી વિનંતી કરે, પછી તેમને કાયમી સૂચિમાં મૂકવામાં આવે છે અને દરેક ચૂંટણી વખતે સુલભ મતદાન સામગ્રી તેમને મોકલવામાં આવશે. તેમને સૂચિમાંથી ત્યારે જ દૂર કરવામાં આવે છે, જયારે તેઓ નિષ્ક્રિય બની જાય, દેશ બહાર જતા રહે, ઘોર અપરાધ કરનારાઓની સૂચિમાં આવે, અથવા, મૃત્યુ પામે.અને એકવાર દરેક ચૂંટણી માટે અમારી વેબસાઇટ પર સુલભ મતદાન સામગ્રી પોસ્ટ કરવામાં આવે તે પછી અમારી કચેરી તરફથી એક ઇ-મેઇલ પ્રાપ્ત થશે. જો તેઓ નિષ્ક્રિય થઈ જાય, કાઉન્ટીની બહાર જાય, અપરાધીઓની યાદીમાં દેખાય અથવા મૃત્યુ પામે તો જ તેમને સૂચિમાંથી કાઢવામાં આવે છે.

બીજો એક સુલભ વિકલ્પ કે જે મતદારો વિનંતી કરી શકે છે તે રિમોટ એક્સેસિબલ વોટ-બાય-મેઈલ (RAVBM) પ્રણાલી ઉપયોગમાં લેવો. RAVBM પ્રણાલી શરૂઆતમાં માત્ર નોંધણી થયેલા વિકલાંગ મતદારો દ્વારા, તેમજ સૈન્ય તથા વિદેશમાં રહેતા મતદારો ઉપયોગમાં લેવા માટે નિર્દિષ્ટ થયેલી છે.[1] જો કે, કેલિફોર્નિયા એસેમ્બલી બિલ (AB) 37 હવે કોઈપણ મતદારને RAVBM પ્રણાલીનો ઉપયોગ કરવાની પરવાનગી આપે છે. RAVBM પ્રણાલીનો હેતુ ઇન્ટરનેટ પર મતદાન કરવાનો નથી. RAVBM મતદારોને તેમના આધિકારિક મતપત્રને ઍક્સેસ કરવા માટે એક લિંક સાથેનો એક ઈ-મેઈલ મોકલવામાં આવે છે, જેમાં ચૂંટણીના દિવસે અથવા તે પહેલાંની તારીખના પોસ્ટમાર્ક સાથે તેમના મતપત્રને કેવી રીતે ડાઉનલોડ, છાપવું, પૂર્ણ અને પરત કરવું તે અંગેની સૂચનાઓ સાથે ROV દ્વારા પ્રાપ્ત થાય છે. ચૂંટણી દિવસ પછી સાત દિવસે. મતદારોએ, ઈ-મેઈલ કરેલ લિંકનો ઉપયોગ કરીને, મતપત્રને તેમની પોતાની વ્યક્તિગત સુલભતા સુવિધાઓ સાથે વાંચવા અને ચિહ્નિત કરવા માટે તેમના ઉપકરણો પર મતપત્ર ડાઉનલોડ કરવું આવશ્યક છે. કોઈપણ નોંધાયેલા મતદારના કિસ્સામાં હોય તેમ, RAVBM મતદાર તેમના મતપત્રને ત્રણ રીતે પરત કરી શકે છે: પ્રમાણભૂત મેઇલ દ્વારા, તેમના મતપત્રને બેલેટ ડ્રોપ-બોક્સમાં છોડીને અથવા કોઈપણ મત કેન્દ્ર પર પરત કરીને .RAVBM સંબંધિત વધારાની માહિતી ROV વેબસાઈટ :https://sccvote.sccgov.org/vote-mail/accessible-voting-ravbm પર મળી શકે છે.

પરત કરવાની પસંદ કરેલી પદ્ધતિથી અસંબદ્ધ, મતપત્રો એક પરબિડિયામાં જ પરત કરવાં આવશ્યક છે. એવી ભલામણ કરવામાં આવે છે કે મતદારો તેમના મેઈલ-દ્વારા-મત પરબિડિયામાં સમાવવામાં

[1] કેલિફોર્નિયા ચૂંટણી કોડ §303.3 જુઓ

આવેલા પરત પરબિડિયાને ઉપયોગમાં લે. મેઈલ-દ્વારા-મત પરત પરબિડિયામાં સિગ્નેચર લાઇનની નજીકના બે છિદ્રોનો સમાવેશ થાય છે જેથી દૃષ્ટિની ક્ષતિ ધરાવતા મતદારોને સહી લાઇન શોધવામાં મદદ મળે. તેઓ ROVને (866) 430-8683 પર ટોલ ફ્રી કૉલ કરીને, પૂરક મતપત્ર પરત કરવાના પરબિડિયાં માટે વિનંતી કરી શકે, અથવા ROV કચેરી ખાતેથી કે એક મત કેન્દ્ર ખાતેથી એક લઈ શકે. પૂરક મતપત્ર પરત કરવા માટેના પરબિડિયાં પણ બૅલટ ડ્રોપ-બૉક્સ ખાતે ઉપલબ્ધ છે. મતદારો તેમના પોતાના પરબિડિયાં ઉપયોગમાં લેવાનું પસંદ કરી શકે, પરંતુ તેમણે પોતાના મતપત્ર સાથે મતદાતાની શપથ વાળું પાનું મુદ્રિત અને સહી કરીને ઉમેરવું જરૂરી છે. RAVBM ઇમેઇલ લિંક મારફત મતપત્રની સાથે મતદાતની પ્રતિજ્ઞાનું પેજ ડાઉનલોડ કરવાનું રહે છે. જો મતપત્ર સામાન્ય ટપાલ થકી પરત કરી રહ્યાં હોવ તો, મતપત્ર પરત કરવાના પરબિડિયાંને કોઈ ટપાલ ટિકિટની જરૂર નથી, જ્યારે મતદાતાને તેમના પોતાના પરબિડિયાંથી મતપત્ર પરત કરતી વખતે પૂરતી ટપાલ ટિકિટની જરૂર પડશે.

## ઈમરજન્સી બેલેટ ડિલિવરી

હૉસ્પિટલમાં દાખલ અને વિકલાંગ મતદારો માટે, તેમજ તબીબી કટોકટીને કારણે તેમના ઘરોની અંદર બંધ રહેલા મતદારો માટે, જ્યાં મતદારોને મતપત્રની જરૂર હોય અને પોતાનું મતપત્ર જાતે મેળવવામાં અસમર્થ હોય ત્યારે કટોકટી મતપત્ર વિતરણ પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવે છે. ઈમરજન્સી બેલેટ ડિલિવરી માટેની અરજી ભરવી અને તે હાલની નોંધણી અને સહીની મેળવણી માટે ROVની ચૂંટણી માહિતી સંચાલન પ્રણાલી (EIMS) થકી ચકાસાય તે માટે પરત કરવી જરૂરી છે. નોંધાયેલા મતદારે ઈમરજન્સી બેલેટ ડિલિવરીની અરજી પૂરી કરવી, સહી કરવી અને તારીખ લખવી જરૂરી છે. જો મતદાર તેમની અરજી સહી ન કરી શકતા હોય, તો મતદારને તેને એક “X” વડે સહી કરવામાં કોઈક મદદ કરી શકે. મતદાતાને મદદ કરનાર પ્રતિનિધિએ “ની સાક્ષીમાં” લખવું જોઈએ, અને તેમના નામ પ્રિન્ટ કરીને તથા સહી કરીને બર્ગર ડ્રાઈવ પર ROV મુખ્ય કચેરીને ઈમરજન્સી બેલેટ ડિલિવરી અરજી ભરીને પરત કરવી જોઈએ. ROV કચેરી મતદારની માહિતી અને સહીની EIMSમાં ચકાસણી કરશે, અને એક વખત ચકાસણી થઈ જાય પછી, મતદારને એક મતપત્ર જારી કરવામાં આવી શકે અને એક સંપૂર્ણ મેઈલ-દ્વારા-મત પેકેટ તૈયાર કરવામાં આવે છે. મતદારને મદદ કરી રહેલ વ્યક્તિ ત્યાર પછી મતપત્રને મતદાર સુધી તેમના સંબંધિત સ્થાન પર લઈ જશે.

એક વખત પૂર્ણ થાય એટલે, મતપત્રને અન્ય મેઈલ-દ્વારા-મત મતપત્રકો સાથે સંયુક્તપણે પ્રક્રિયા કરવા માટે ROV મુખ્ય કચેરી, કોઈ મત કેન્દ્ર, અથવા ડ્રોપ-બોક્ષ સ્થાનો પર પરત કરી શકાય.

કાઉન્ટી જેલમાં કેદ થયેલા મતદારો પણ કટોકટી મતપત્ર વિતરણ પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે. કાયદા મુજબ રાજ્ય અથવા ફેડરલ જેલમાં કેદ થયેલા મતદારો, મત આપવા માટે બિન-પાત્ર છે.

## બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો

California ચૂંટણી સંહિતા પરિમાણો ગોઠવે છે જેના અનુસાર એક કાઉન્ટીએ મતદારો માટે બૅલટ ડ્રોપ-ઓફ સ્થાનો પૂરાં પાડવાં જરૂરી છે. ચૂંટણીના દિવસથી ઓછામાં ઓછા 28 દિવસ પહેલાં, અને ચૂંટણીના દિવસે, કુલ મળીને 29 દિવસો માટે, દર 15,000 નોંધાયેલા મતદારો માટે ઓછામાં ઓછું એક (1) બૅલટ ડ્રોપ-બૉફ સ્થાન હોવું જોઈએ.

મતદારોના રજિસ્ટ્રાર (ROV) ના વર્તમાન નોંધણી થયેલા મતદારોની સંખ્યાનો ઉપયોગ કરીને, જરૂરી બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન ની ન્યૂનતમ સંખ્યા 67 આવે છે. દરેક ચૂંટણીના 88માં દિવસ પહેલાંની સ્થિતિ અનુસાર કાઉન્ટીમાં નોંધાયેલા વાસ્તવિક મતદાતાની સંખ્યાના આધારે ડ્રૉપ-બોક્સ સંખ્યા બદલાઈ શકે છે.

| હદની શ્રેણી | **ન્યૂનતમ જરૂરિયાત** |
|---|---|
| બૅલટ ડ્રોપ-બૉફ સ્થાનો<br>(દર 15k નોંધાયેલા મતદરો માટે 1) | 67 |

બૅલટ ડ્રોપ-બૉક્સ માટે શ્રેષ્ઠ સ્થાનો નક્કી કરવા માટે ROV એ રાજ્યના સચિવ (SOS) અને ચૂંટણી સંહિતા દ્વારા મત કેન્દ્ર સ્થાનો માટે સૌથી કાર્યક્ષમ જગ્યાઓ નક્કી કરવામાં મદદ કરવા માટે આદેશિત કરેલા 14 માપદંડોનો ઉપયોગ કરે છે. આ 14 માપદંડો ROVને કાઉન્ટીને બૅલટ ડ્રોપ-બૉક્સ માટે ઉપલબ્ધ સૌથી સુલભ સ્થાનો પૂરા પાડવા માટે પણ કામ લાગે છે. માપદંડોમાં આમનો સમાવેશ થાય છે:

1. જાહેર પરિવહનથી નિકટતા
2. મેઈલ-દ્વારા-મતનો ઓછો ઉપયોગ કરતાં સમુદાયો સાથે નિકટતા
3. વસ્તી કેન્દ્રો સાથે નિકટતા
4. ભાષાકીય લઘુમતી સમુદાયો સાથે નિકટતા
5. વિકલાંગ મતદારો સાથે નિકટતા

6. વાહન માલિકીના નીચા દરો વાળા સમુદાયો સાથે નિકટતા
7. નીચી આવક વાળા સમુદાયો સાથે નિકટતા
8. મતદાર નોંધણીનો નીચો દર ધરાવતા સમુદાયો સાથે નિકટતા
9. મૂળ નિવાસી અમેરિકન આરક્ષણો સહિતની ભૌગોલિક રીતે અલગ વસ્તીઓ સાથે નિકટતા
10. સુલભતા અને વિના મૂલ્ય પાર્કિંગ
11. મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો સુધીનું અંતર અને મુસાફરીનો સમય
12. વિકલાંગ મતદારો, જેમને માટે મેઈલ-દ્વારા-મત મતપત્રો સુલભ નથી, તેમને માટે વૈકલ્પિક પદ્ધતિઓની જરૂર
13. મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનોની નજીક ટ્રાફીકની ઢબ
14. મોબાઇલ મત કેન્દ્રોની જરૂર

બૅલટ ડ્રોપ- બૉક્સ તેમના સંબંધિત સ્થાનો પર ચૂંટણીના દિવસ ના 29 દિવસ  પહેલાં શરુ થાય તેમ મૂકવામાં આવે છે. ચૂંટણીના દિવસના 28મા દિવસ પહેલાં સુધીમાં, તમામ ડ્રોપ-બૉક્સ સ્થાપિત થયેલા અને ઉપયોગ માટે તૈયાર હોવા જોઈએ. બૉક્સ તમામ મતદારોને સુલભ હોય તે સુનિશ્ચિત કરવા માટે, ડ્રોપ-બૉક્સની રચના નીચે અનુસાર કામ કરવા માટે કરાશે[2]:

- ભૌતિક નુક્સાન અને અનધિકૃત પ્રવેશ નિવારવા માટે, કોઈ કર્મચારી વિનાનું ડ્રોપ-બૉક્સ જે બહાર મૂકેલું હોય, તે તોડફોડ, કાઢી નખાવું અને ઉગ્ર આબોહવા સામે ટકી શકે તેવા ટકાઉ પદાર્થનું બનાવેલું હશે.
- ડ્રોપ-બૉકસમાં એક ખુલ્લો માર્ગ હશે જે મતપત્રો સાથે ચેડાં થઈ શકે અથવા કાઢી શકાય તેટલું મોટું નહિ હોય.

- ડ્રોપ-બૉક્સની રચના એવી રીતે કરવામાં આવી છે કે કોઈપણ અનધિકૃત ઍક્સેસ આવા અનધિકૃત ઍક્સેસની ઘટના બની હતી તેવા ભૌતિક પુરાવામાં પરિણમે. આ વિભાગના હેતુ માટે ચૂંટણી અધિકારી ચેડાં થયાના પુરાવો આપતું સીલ ઉપયોગમાં લઈ શકે.

[2] જુઓ ચૂંટણી સૂંહિતા §20132

- અનધિકૃત ઍક્સેસ આવા અનધિકૃત ઍક્સેસની ઘટના બની હતી તેવા ભૌતિક પુરાવામાં પરિણમે. આ વિભાગના હેતુ માટે ચૂંટણી અધિકારી ચેડાં થયાના પુરાવો આપતું સીલ ઉપયોગમાં લઈ શકે.
- ડ્રોપ-બૉક્સ મતપત્રોને ક્યાં દાખલ કરવા તેની ઓળખ આપતું હોય એવી ચોક્કસ સાઇનેજ પૂરી પાડશે.
- દરેક ડ્રોપ-બૉક્સને એક અનન્ય ઓળખ ક્રમાંક ફાળવવામાં આવશે જે ડ્રોપ-બૉક્સ પર સ્થિત હશે અને નિયુક્ત કરેલા મતપત્ર એકત્ર કરનાર, તેમજ જાહેર જનતાથી સરળતાથી જાણી શકાય તેવો હશે.
- ડ્રોપ-બૉક્સને સ્પષ્ટ રીતે અને જોઈ શકાય તેમ, એક "અધિકૃત મતપત્ર ડ્રોપ-બૉક્સ" એમ અંકિત કરવામાં આવશે.
- ડ્રોપ-બૉક્સ હાર્ડવેર કોઈપણ મજબૂત પકડ, ચીમળવું અથવા કાંડાના મરોડ વિના ઉપયોગમાં લઈ શકાય તેવું હશે.
- ડ્રોપ-બૉક્સ હાર્ડવેરને મતદાર દ્વારા ઉપયોગમાં લેવાવા માટે પાંચ (5) પાઉન્ડ કરતાં વધુ દબાણની જરૂર નહિ હોય.
- ડ્રોપ-બૉક્સ વ્હીલચેરનો ઉપયોગ કરતા વ્યક્તિ માટે તળિયા અથવા જમીનની સપાટીથી 15 થી 48 ઇંચની પહોંચના વ્યાપની અંદર ઉપયોગમાં લઈ શકાય તેવું હશે (આ વાહનોના ડ્રાઇવરો દ્વારા ઉપયોગમાં લેવા માટેના ડ્રોપ-બૉક્સને લાગુ નહિ પડે).
- બૅલટ ડ્રોપ-બૉક્સની સાઇનેજ એક અલગ રંગ પ્રકારની, જે પૃષ્ઠભૂ સાથે કૉન્ટ્રાસ્ટ (રંગછટાના ભેદ) ધરાવતી અને "આંજે નહીં" તેવી હોવી જરૂરી છે.
- ડ્રોપ-બૉક્સની રચના એવી રીતે કરાયેલી હોવી જરૂરી છે કે જાહેર જનતાને તે આધિકારિક અને સુરક્ષિત હોવાની સમજ થાય.
- સમગ્ર કાઉન્ટીમાંના, કર્મચારી સાથેના અને કર્મચારી વિનાના, દરેક બૅલટ ડ્રોપ-બૉક્સ, એક સમાન ઉપયોગ લાક્ષણિકતાઓ ધરાવતા, અને સમાન રચના, રંગ શૈલી ધરાવતા હોવા, અને જાહેર જનતાને ઓળખ માટે સુવિધા કરી આપતા સાઇનેજ ધરાવતા હોવા જરૂરી છે.
- બૅલટ ડ્રોપ-બૉક્સનુ કદ Santa Clara કાઉન્ટીના વપરાશ અને જરૂરિયાતો ઉપર આધારિત છે. આધિકારિક બૅલટ ડ્રોપ-બૉક્સ વિશે ધ્યાનમાં રાખવા જેવી ચાવીરુપ બાબતો:
- ડ્રોપ-બૉક્સ વિશે ધ્યાનમાં રાખવા જેવી ચાવીરુપ બાબતો:

- મતપત્રોને ડ્રોપ-બૉક્સમાં પરત કરવા માટે કોઈ ટપાલ ટિકિટની જરુર નથી.
- મેઈલ-દ્વારા-મત મતપત્રો ચૂંટણીના દિવસે સાંજે 8:00 વાગ્યા પછી કોઈપણ અધિકૃત ડ્રોપ ઓફ સ્થાન પર સ્વીકારવામાં નહિ આવે.
    - ડ્રોપ-બૉક્સને ચૂંટણીના દિવસે બરાબર સાંજે 8:00 વાગ્યે તાળાબંધ કરી દેવાશે.
    - અપવાદ છે કે જ્યારે મત કેન્દ્ર બંધ થઈ રહ્યું હોય, ત્યારે મતદારો તેમના મતપત્રો પરત કરવા પહેલેથી જ કતારમાં હોય અથવા કોર્ટના હુકમ દ્વારા સમય વધારાયો હોય.
- આધિકારિક બૅલટ ડ્રોપ-બૉક્સ સાથે ચેડાં કરવા એ ગંભીર અપરાધ છે[3].
- ચૂંટણી અધિકારીને બૉક્સ પૂરું ભરેલું છે, તેની સાથે ચેડાં થયા છે, અથવા તે નુકસાન પામેલું છે તે સલાહ આપવા માટે દરેક ડ્રોપ-બૉક્સ પર એક સૂચના મૂકવામાં આવશે.
- ડ્રોપ-બૉક્સ સાથે ચેડાં થયેલા છે કે નુકસાન થયેલું છે તેવું ક્યાં તો ROV ની કચેરી અથવા તો SOSને સૂચિત કરવા માટે બૉક્સ પર ROV કચેરીનો નંબર અને એક ટોલ-ફ્રી નંબર હશે[4].

મતદારો કે જેમની બોલવાની પ્રાથમિક ભાષા અંગ્રેજી સિવાયની હોય તેમને પૂરતી સુલભતા માટે, ડોપ-બૉક્સ પર તમામ ચૌદ ભાષામાં "અધિકૃત મતપત્ર ડોપ-બૉક્સ" અંકિત કરેલ હોય છે: અંગ્રેજી, ચાઇનીઝ, સ્પેનિશ, ટાગાલોગ, વિએટનામીસ, ખ્મેર, કોરિયન, હિન્દી, જાપાનીઝ, ગુજરાતી, નેપાળી, પંજાબી, તામિલ અને તેલુગુ.

ઉપરાંત, દરેક બૅલટ ડ્રોપ-બૉક્સ પર મતદારને, જો જરૂર હોય તો, વધારાના મતપત્ર પરત કરવાના પરબિડિયાં ઉપલબ્ધ છે તેમ જણાવતી એક સાઇન હોય છે. મતદારને પરબિડિયાં પરના નિર્દેશોનું પાલન કરવાની સૂચના અપાય છે, જેમાં તેમનું નામ, રહેઠાણનું સરનામું, જન્મ તારીખ ભરવાનું, અને તેમની સહી પૂરી પાડવાનું સામેઈલ છે. જો બૅલટ ડ્રોપ- બૉક્સનો ઉપયોગ કરી રહ્યાં હોવ, તો મતપત્રોને મતદારની માહિતી અને સહી સાથે એક પરબિડિયાંમાં બંધ કરીને પરત કરવા જરૂરી છે. મતદારને કોઈ

[3] જુઓ California ચૂંટણી સૂંહિતા §18500

[4] જુઓ California ચૂંટણી સૂંહિતા §20132

પ્રશ્નો હોય અથવા વધુ સહાયની જરૂર હોય તો કૉલ કરવાની સલાહ આપીને એક ટોલ- ફ્રી નંબર પૂરો પાડવામાં આવેલ છે.

વિકલાંગતા સાથે અમેરિકન અધિનિયમ (ADA) ની ઍક્સેસિબિલિટી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ડ્રોપ બોક્સ ડિઝાઇન કરવામાં આવ્યા છે. વધુમાં, કેટલાક ડ્રોપ બોક્સ મતદારને તેમના વાહનની અંદરથી વાહન પાર્ક કરવા અથવા છોડવાની જરૂર વગર તેમના મતપત્રને વાહન ચલાવવા અને જમા કરાવવાની મંજૂરી આપે છે. ડ્રોપ-બોક્સની સુલભતા વિશેની માહિતી કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકામાં શામેલ કરવામાં આવશે.

## મત કેન્દ્રો

મત કેન્દ્રો 11 દિવસો સુધી ખુલ્લાં રહે છે અને તેઓ નવા અને વધુ સુલભ મત ઉપકરણો, ભાષા સહાય વડે સજ્જ છે, અને શરતી મતદાર નોંધણી (CVR) તથા તે જ દિવસે મતદાન રજૂ કરે છે. ઉપરાંત, મતદારો એક ફાળવેલા પોલિંગ સ્થળ સુધી મર્યાદિત નથી, પરંતુ તેમની પાસે સમગ્ર County of Santa Clara માં ઉપલબ્ધ કોઈ પણ મત કેન્દ્ર સ્થાનોમાંથી કોઈ એકની મુલાકાત લેવાનો વિકલ્પ ધરાવશે.

VCA હેઠળ, મત કેન્દ્રો આ પૂર્વે પરંપરાગત પોલિંગ સ્થળો પરની પ્રસ્થાપિત રીત કરતાં વધુ દિવસો સુધી ખુલ્લાં રહે તે જરૂરી હોય છે. મત કેન્દ્રો બે વહેલું મતદાન સમયગાળાઓ હેઠળ ચાલુ રખાવા જરૂરી છે: (1) ચૂંટણીના દિવસથી દસ દિવસ પહેલાં, અને ચૂંટણીના દિવસને સમાવીને, કુલ 11 દિવસ માટે; અને (2) ચૂંટણીના દિવસથી ત્રણ દિવસ પહેલાં, અને ચૂંટણીના દિવસને સમાવીને, કુલ ચાર દિવસ માટે. California ચૂંટણી સંહિતા એ પરિમાણો ગોઠવે છે જેના અનુસાર એક કાઉન્ટીએ મતદારો માટે મત કેન્દ્ર સ્થાનો પૂરાં પાડવા જરૂરી છે:

- ચૂંટણીના દિવસથી દસ (10) દિવસ પહેલાંથી શરું કરીને, અને ચૂંટણીના દિવસ પહેલાના ચોથા દિવસ સહિત ત્યાં સુધી, કુલ સાત (7) દિવસ માટે, જ્યાં ચૂંટણી થતી હોય તે મત વિસ્તારની અંદર દર 50,000 નોંધાયેલા મતદારો માટે એક મત કેન્દ્ર ચલાવવું જરુરી છે.
- ચૂંટણીના દિવસથી ત્રણ (3) દિવસ પહેલાંથી શરું કરીને, અને ચૂંટણીના દિવસને સમાવીને, કુલ ચાર (4) દિવસ માટે ચૂંટણી થતી હોય તે મત વિસ્તારમાં દર 10,000 મતદારો માટે સવારે 7 થી રાત્રે 8 સુધી એક મત કેન્દ્ર ચલાવવું જરૂરી છે.

- VCA મોડલ અંતર્ગત યોજાતી ખાસ ચૂંટણીઓ માટે, ચૂંટણીના દિવસથી દસ (10) દિવસ પૂર્વેથી શર કરીને, કૂલ દસ (10) દિવસો સુધી, દર 60,000 મતદારો પર એક મત કેન્દ્ર ચલાવવું જરૂરી છે; અને ચૂંટણીના દિવસે, સવારે 7 થી રાત્રે 8 સુધી દર 30,000 મતદારો માટે એક (1) મત કેન્દ્ર ચલાવવું જરૂરી છે.

મતદારોને વધુ સારી સેવા પૂરી પાડવા માટે, Santa Clara કાઉન્ટી ન્યૂનતમ જરૂરિયાત કરતાં વધારાના 11-દિવસ મત કેન્દ્રો, અને ન્યૂનતમ જરૂરિયાત કરતાં વધારાના 4-દિવસ મત કેન્દ્રો ચલાવવાનું આયોજન કરી રહ્યું છે, જ્યારે સંશાધનો ઉપલબ્ધ હોય ત્યારે. તમામ મત કેન્દ્રોના કામગીરીના કલાકો ચૂંટણીના દિવસ પહેલાંની તારીખોએ દર સુવિધા માટે અલગ હોઈ શકે[5]. ચૂંટણી સંહિતા અનુસાર, ચૂંટણીના દિવસે તમામ મત કેન્દ્રો સવારે 7:00 થી સાંજે 8:00 વાગ્યા સુધી મતદારો માટે ખુલ્લા હશે[6]. મતદારોના રજિસ્ટ્રાર (ROV) ના વર્તમાન નોંધણી થયેલા મતદારોની સંખ્યાનો ઉપયોગ કરીને, ન્યૂનત્તમ આવશ્યક 11-દિવસ અને 4-દિવસ ના મત કેન્દ્રી નીચેના કોષ્ટક નોંધેલ છે. ખરેખરી ગણતરી ચૂંટણી સંહિતાના પાલન અનુસાર ચૂંટણીના 88 દિવસ પહેલાં નક્કી કરવામાં આવશે[7].

.

| હદની શ્રેણી | ન્યૂનતમ જરૂક્રિયાત |
|---|---|
| 11-દિવસ મત કેન્દ્રો<br>(દર 50k નોંધાયેલા મતદરો માટે 1) | 20 |
| 4-દિવસ મત કેન્દ્રો<br>(દર 10k નોંધાયેલા મતદરો માટે 1) | 81 |

## મતદારની નોંધણી

પરંપરાગત પોલિંગ પ્લેસ મોડેલ દ્વારા જે સેવાઓ પૂરી પાડવામાં આવતી હતી, તેના કરતાં ઘણી વધારે સેવાઓ મત કેન્દ્રો પૂરી પાડે છે. મત કેન્દ્રો ખાતે રજૂ કરવામાં આવતી વિસ્તારેલી સેવાઓમાંની

---

[5] ROV હજી પણ મત કેન્દ્રો મેળવવાની પ્રહિયા કરી રહ્યું છે અને બધા ચોક્કસ સ્થાનો તથા કામગીરીના કલાકો પ્રકાશનના સમયે ઉપલબ્ધ ન હતા.

[6] જુઓ ચૂંટણી સૂંહિતા §4005

[7] જુઓ ચૂંટણી સૂંહિતા §12223

એક મતદાર નોંધણી છે. મતદારો પાસે હવે મત માટે નોંધણી કરાવવાની, તેમની મતદાર નોંધણી અપડેટ કરવાની, અને કોઈપણ મત કેન્દ્ર પર શરતી મતદાન કરવાની ક્ષમતા છે. મતદારો જેઓ શરતી મતદાર નોંધણી (CVR) હેઠળ મત આપવા માટે પાત્ર જણાયા છે, તેમને એક CVR પરબિડિયાં સાથે એક મતપત્ર મળશે.

CVR એ નોંધણી બંધ થવાના 15-માં દિવસે અથવા તે પૂર્વે મત આપવા માટે નોંધાયેલા ના હોય તેવા સમુદાયના સભ્યોને એક મત કેન્દ્ર પર નોંધણી માટે જઈ અને તે જ દિવસે મત આપી શકવા માટેનો એક રસ્તો છે. મતદારો નોંધણીના 15-દિવસ પૂરાં થયા પછી તેમના સરનામાં અથવા રાજ નૈતિક પક્ષને અપડેટ કરવા માટે પણ CVRનો ઉપયોગ કરી શકે છે. તેમ છતાં, રાજકીય પક્ષને અપડેટ કરવાનું માત્ર રાષ્ટ્રપતિની પ્રાથમિક ચૂંટણીને જ લાગુ પડે છે. એક વખત પૂરું કરેલું CVR મતપત્ર ROV કચેરીને પરત કરવામાં આવે, પછી સંભવિત મતદારને પાત્રતા માટે ચકાસવામાં આવશે. મતપત્રને ત્યારે જ ખોલવામાં અને ગણતરીમાં લેવામાં આવશે જ્યારે એવી ખરાઈ થાય કે મતદાર તમામ પાત્રતા જરૂરિયાતોને પૂરી કરે છે. CVR પરબિડિયું મતદારની નોંધણી માટેની એફિડેવિટ તરીકે પણ કામ કરશે અને મતદાર પરબિડિયાંમાંથી તેમની રસીદ ફાડીને દૂર કરી શકે છે જેથી તેઓ તેમના મતપત્રની સ્થિતિ ROVની વેબસાઇટ પર તપાસતા રહી શકે[8].

## પૂરક મતપત્ર

મત કેન્દ્રો હવે વિનંતી કરવાથી મતદારોને પૂરક મતપત્રો પૂરા પાડે છે. એવી ચકાસણી થયા પછી કે ROV[9] દ્વારા મતદાર પાસેથી તે જ ચૂંટણી માટે મતપત્ર પ્રાત નથી થયું, મતદાર કોઈપણ મત કેન્દ્ર પર એક પૂરક મતપત્રની વિનંતી કરી શકે છે. જો ROV એવું નક્કી ન કરી શકે કે મતદાર પાસેથી એક મતપત્ર પ્રાપ્ત થયું છે કે કેમ, તો ROV મતદારને કામચલાઉ મત આપવા માટે પરવાનગી આપી શકે.

## વૈકલ્પિક મતદાન[10]

કોઈપણ મત કેન્દ્ર પર, મતદર કામચલાઉ મત આપી શકે. એક મતદાર જે નોંધણી થયેલ હોવાનો દાવો કરે, પરંતુ જેની નોંધણી અને પાત્રતાને ROV કર્મચારી દ્વારા તાત્કાલિક નક્કી ન કરી શકાય, તે

---

[8] વોટ-બાય-મેલ બેલેટ ટ્રેકિંગ વેબસાઇટ: https://eservices.sccgov.org/rov?tab=ab[8] Elections Code §4005

[9] ચૂંટણી કોડ §4005

[10] ચૂંટણી કોડ §14310

એક કામચલાઉ મતપત્ર વડે મત આપવાને હકદાર છે. ROVએ મતદારને તેમના આમ કરવા માટેના હક વિશે જાણ કરવી જ રહી અને મતદારને આ પૂરાં પાડવા જ રહ્યાં:

- કામચલાઉ મતપત્ર પર મત આપવાની પ્રક્રિયા અને પદ્ધતિઓ અંગે લેખિત સૂચનાઓ સાથે એક કામચલાઉ મતપત્ર
- મતદારની નોંધણી અને મત આપવા માટે પાત્રતા અંગે લેખિત એકરારનામું, જે મતદાર દ્વારા સહી કરાવું જરૂરી છે

કામચલાઉ મતદાન કરવા માટે, મતદારે, ROV કર્મચારીની હાજરીમાં, મતદાર મત આપવા માટે પાત્રતા ધરાવે છે અને County of Santa Clara માં નોંધાયેલ હોવાનું જણાવતું લેખિત એકરારનામું સહી કરી આપવું જ રહ્યું. મતદારે તે પછી મતપત્રને ROVની મુખ્ય કચેરીએ પરત કરવા માટે એક કામચલાઉ મતપત્ર પરબિડિયામાં બંધ કરવું જરૂરી છે.

સત્તાવાર કેનવાસ દરમ્યાન, કર્મચારીએ મતદારનું સરનામું ચકાસવું અને કામચલાઉ મતપત્ર પરબિડિયાં પરની સહી મતદારની નોંધણી માટેની એફિડેવિટ સાથે અથવા મતદારની નોંધણી ફાઇલમાંની અન્ય સહી સાથે મેળ ખાય છે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. સહીની જગ્યા લેતાં પ્રથમ, મધ્ય નામ, અથવા બન્ને, અધાક્ષરોમાં ભિન્નતા મતપત્રને અમાન્ય નથી કરી દેતું. કર્મચારીએ મતપત્રને ખોલતાં અને ગણતરીમાં લેતા પહેલાં વધારાની પાત્રતા જરૂરિયાતો પણ ચકાસવી જરૂરી છે.

કોઈપણ મતદાર જે કામચલાઉ મતપત્રથી મત આપે છે, તે પરબિડિયાંમાંથી તેમની રસીદ ફાડી લઈ શકે જેથી તેઓ તેમના મતપત્રની સ્થિતિની ROV વેબસાઇટ પર તપાસતા રહી શકે છે[11]. તેમનું મતપત્ર ગણતરીમાં લેવાયું છે કે કેમ જોવા, અને જો નહિ, તો તે ગણતરીમાં ન લેવાયાનું કારણ શોધવા માટે મતદારો ROVનો સંપર્ક કરી શકે અથવા વેબસાઇટનો ઉપયોગ કરી શકે છે[12].

## મત કેન્દ્રોમાં સુલભ મતદાન

Santa Clara કાઉન્ટી મતના રજિસ્ટ્રાર (ROV) નું ધ્યેય VCAના આયોજન અને અમલીકરણમાં સમગ્રપણે મતદાર સુલભતા ધ્યાનમાં લેવાય છે તે સુનિશ્ચિત કરવાનું છે. જ્યાં ROV મતદારોની કોઈપણ અને તમામ જરૂરિયાતોની પૂર્તતા પૂરી પાડવા માટે થઈને મત કેન્દ્ર પસંદગી, મતદાન મશીનો, અને ચૂંટણીની તાલીમ અને નિયુક્તિ કરવા વિશે વિચાર કરી રહી છે ત્યારે સુલભતા એ

[11] વોટમેલ-બાય- બેલેટ ટ્રેકિંગ વેબસાઇટ: https://eservices.sccgov.org/rov?tab=ab

[12] કામચલાઉ મતપત્ર ટ્રેકિંગ વેબસાઇટ: https://eservices.sccgov.org/rov?tab=pb

ધ્યાનમાં લેવાનો પ્રમુખ મુદ્દો છે. ROV દરેક મતદાર માટે એક સલામત, સુલભ, અને સ્વતંત્ર મતદાન અનુભવનો ફેલાવો કરવા માટે અગાઉથી સ્થાપિત કાર્યક્રમો, જેવા કે દૂરસ્થ સુલભ વોટ -બાય-મેઈલ (RAVBM) મતદાનની સાથે બેલટ માર્કિંગ ડિવાઇઝિસ (BMD) ઉપયોગમાં લે છે. Santa Clara કાઉન્ટીએ, તમામ મત કેન્દ્રો ખાતે સુલભ મતદાન પૂરું પાડ્યું છે, અને પૂરું પાડવાનું ચાલુ રાખશે[13].

ROV મત કેન્દ્ર સુવિધાની જે લાક્ષણિકતાઓ માનકોને પૂરાં કરતી હોય, અને જેમાં સુધારાઓની જરૂર હોય તેવાની ઓળખ કરવા માટે California રાજ્ય સચિવનું સુલભતા ચેકલિસ્ટ સર્વેક્ષણ ઉપયોગમાં લે છે. તમામ સુધારાઓ વિતરણ પ્રણાલીમાં અને સુવિધાને ગોઠવવા તથા ચલાવવાનો હવાલો ધરાવતા સુપરવાઈઝરોને આપવામાં આવશે તેવી નકશાઓ, ઉદાહરણો અને ફોટાવાળી વ્યક્તિગત મત કેન્દ્ર પુસ્તિકામાં લખવામાં આવશે. સુધારાઓ વિકલાંગતા સાથેના અમેરિકનો અધિનિયમ (ADA) ની જરૂરિયાતો પૂરી કરે તેવું અપેક્ષિત છે અને ADA પાર્કિંગ જગ્યાઓ, રેમ્પ, દરવાજાઓ, ચાલવાના રસ્તાઓ અને અન્યોનો સમાવેશ કરી શકે[14].

Santa Clara કાઉન્ટી માં દરેક મત કેન્દ્ર ઓછામાં ઓછા ત્રણ (3) બેલટ માર્કિંગ ડિવાઇઝ વડે સજ્જ છે, પરંતુ ROV વધુ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં અને ઐતિહાસિક રીતે વધુ મતદાન ધરાવતાં મત કેન્દ્રો પર વધુ સપ્લાય કરશે. ડોમિનિઅન મતદાન પ્રણાલી ICX BMD થોડા વિકલાંગ મતદારો માટે એક સ્વતંત્ર મતદાન અનુભવ પૂરો પાડે છે. દરેક મત કેન્દ્ર માટે BDMs વિવિધતાભરી મતદાન પદ્ધતિ વિકલ્પો સાથે ADA-ફરિયાદ સુવિધા અને એક્સેસરિઝ ધરાવે છે. આ એકમોને તમામ મતપત્ર પ્રકારો અને ભાષા સંસ્કરણો સાથે પ્રોગ્રામ કરવામાં આવે છે.

દેશની મત વ્યવસ્થામાં એવી ઘણી સુવિધાઓ છે કે જે વધુ સુલભ મતનો અનુભવ પૂરો પાડે છે. આ પ્રણાલી ઑડિઓ, વિઝ્યુઅલ અને સ્પર્શેન્દ્રિયને લગતાં ઇન્ટરફેસને સમર્થ બનાવે છે જે કોઈપણ મતદાર-પસંદગીના સંયોજનોમાં મતપત્રની વિગતો જાણવામાં અને તેને અંકિત કરવા માટે ઉપયોગમાં લેવાય છે. વિઝ્યુઅલ સ્ક્રીન સુધારાનાં સંદર્ભમાં, સ્ક્રીન પર ફૉન્ટનું કદ બદલી શકાય છે અને સ્ક્રીન રિઝોલ્યુશનને કાળા બેકગ્રાઉન્ડ પર ઉચ્ચ-કોન્ટ્રાસટ સફેદમાં પરાવર્તિત કરી શકાય છે. સ્ક્રીન સુધારા ઉપરાંત, ઑડિઓ સ્પર્શેન્દ્રિયને લગતાં ઇન્ટરફેસ (ATI) કીપેડને જોડી શકાય છે. ATI યુનિટ અવાજ-નિયંત્રિત ઑડિઓ મતદાન ઘટક વડે સજ્જ છે કે જે મતદારોને તેમના મતપત્રને સાંભળવા દે છે, વ્યાખ્યાનની ગતિ વધ-ઘટ કરી શકે છે (જો જરૂર લાગે તો), અને તેમની પસંદગીઓ

[13] ચૂંટણી સૂંહિતા §19240

[14] વિકલાંગતા [14] અમેરિકનો અધિનિયમ વેબસાઇટ: **https://www.ada.gov/**

રજૂ કરી શકે છે. ATI માં સબંધિત અંધલિપિના વર્ણનો સાથે નેવિગેશન માટે અને "સિપ એન્ડ પફ" અથવા પેડલ પસંદગી ઉપકરણો માટેની સૂચનાઓ માટે મોટા બટનની સંપૂર્ણ શ્રેણી છે. જે મતદારો સ્વતંત્ર રીતે આ સુવિધાઓનો ઉપયોગ ના કરી શકે, તેઓ તેમને મતદાનમાં સહાય કરવા માટે બે વ્યક્તિઓ સુધી લાવી શકે છે. ઉપરાંત, વિનંતી કરવામાં આવે તો, ROV કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકા (CVIG) ની ઑડિઓ ટેપ પૂરી પાડે છે.

એક અથવા વધુ BMD નિષ્ફળ રહે અથવા ખોટકાઈ જાય તેવી પરિસ્થિતિમાં, ROV જરૂરી હોય તેવા, કોઈપણ સાધનોની બદલી કરવાની પ્રક્રિયાઓ ત્વરિતપણે શરુ કરશે. બદલીની પ્રક્રિયાને સ્થાનના ઉપલબ્ધ કામ કરી રહેલા એકમો, ક્ષમતા જરૂરિયાતો અને ખોટકાવાની તીવ્રતાને આધારે પ્રાથમિકતા આપે છે. ટેકાની કામગીરીનો ગુણોત્તર દર છ (6) મત કેન્દ્ર જૂથો માટે એક (1) સપોર્ટ સાઇટ સાથે ત્રણ (3) ટીમનો છે.

વધારાની સુલભતા સેવાઓ જે દરેક મત કેન્દ્ર ખાતે ઉપલબ્ધ હશે, તે છે કર્બસાઇડ મતદાન અને એવા ગ્રીટર્સ હોવા જેઓ મત કેન્દ્ર પ્રક્રિયા દ્વારા તમામ મતદાર જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા અને નિર્દેશ આપવા માટે તાલીમબદ્ધ હશે.

## ભાષાકીય સહાય

દરેક મત કેન્દ્ર માટે ROVનું ધ્યેય જરૂરી તમામ ભાષાઓમાં થોડા પ્રકારની ભાષા સહાયતા પૂરી પાડવાનું છે[15].

County of Santa Clara માટે, આ ભાષાઓમાં આમનો સમાવેશ થશે:

- અંગ્રેજી
- ચાઇનીઝ
- સ્પેનિશ
- ટાગાલોગ
- વિયેટનામિઝ
- હિન્દી
- જાપાનીઝ
- ખ્મેર
- કોરિયન
- ગુજરાતી
- નેપાળી
- પંજાબી
- તામિલ
- તેલુગુ

કોઈ એક ચોક્કસ સમુદાયની જરૂરિયાતો ઉપર આધાર રાખતાં, ROV કોઈ આપેલ સમુદાયમાં જાણીતી ભાષાઓ બોલી  શકતા હોય તેવા દ્વિભાષી કર્મચારીની નિમણૂંક કરવાનો પ્રયત્ન કરે છે. ચોક્કસ ભાષા જરૂરિયાતો ધરાવતા વિસ્તારોની  ઓળખ કરાશે, જો કે દ્વિભાષી કર્મચારીઓ ઉપલબ્ધ ન હોય તો, મત કેન્દ્ર

[15] ચૂંટણી સૂંહિતા §12303

કર્મચારી ROVનો સંપર્ક કરશે અને મતદારને  દ્વિભાષી કચેરી કર્મચારી અથવા કાઉન્ટીની ફોન ભાષાંતરણ સેવા સાથે જોડશે.

મતદાર ડેટાબેઝમાંથી માપણી અને ભાષા આંકડાઓ સાથે જોડાણમાં, ROV દ્વિભાષી કર્મચારીની નિમણૂંક એવા સ્થાનોએ કેન્દ્રિત કરવામાં સમર્થ રહેશે જ્યાં તેઓ સૌથી વધુ અસરકારક રીતે સમુદાયને શ્રેષ્ઠ રીતે કામ લાગી શકે. જો સમગ્ર કાઉન્ટીમાં આવેલા દરેક મત કેન્દ્ર પર કામ કરવા માટે દરેક ભાષાના પૂરતી સંખ્યામાં દ્વિભાષી ચૂંટણી અધિકારીઓ નહિં હોય તો દ્વિભાષી ચૂંટણી અધિકારીઓની નિયુક્તિ ચોક્કસ ભાષા સમુદાયોમાં આવેલા મત કેન્દ્રો પર કેન્દ્રિત કરવામાં આવશે.

સંઘીય રીતે ફરજિયાત કરેલી અંગ્રેજી, ચાઇનીઝ, સ્પેનિંસ, ટેગલૉગ, વિયેટનામ ભાષાઓ, અને હિન્દી, ખમેર, કોરિયન, અને જાપાનિઝ જેવી રાજ્ય દ્વારા ફરજિયાત કરેલી ભાષાઓમાં અધિકૃત મતપત્રો, CVR અને કામચલાઉ પરબીડોયા બનાવવામાં આવે છે. EC 14201 મુજબ લક્ષિત અધિકારક્ષેત્રમાં ગુજરાતી, નેપાળી, પંજાબી, તામિલ, તેલુગુ જેવી રાજ્ય દ્વારા ફરજિયાત કરેલી ભાષામાં પ્રતિકૃતિ બેલટ બનાવવામાં આવે છે. મત કેન્દ્રનું ચિહ્ન તમામ ચૌદ ભાષાઓમાં આપવામાં આવે છે. પ્રતિકૃતિ મતપત્ર એ મતદાન કરતી વખતે મતદાર સંદર્ભ તરીકે ઉપયોગ કરી શકે તેવા નમૂનાના મતપત્રો છે.
County of Santa Clara ના મતદારોના રજિસ્ટ્રાર લક્ષિત મત કેન્દ્રો માટે પાંચ રાજ્ય દ્વારા ફરજિયાત કરેલી ભાષાઓમાં પ્રતિકૃતિ મતપત્રો તૈયાર કરશે, આ ભાષાઓને 2021 માં ઉમેરવામાં આવી હતી: ગુજરાતી, નેપાળી, પંજાબી, તામિલ, અને તેલુગુ. ખાનગી મતપત્ર પર મતદાન કરતી વખતે નિયુક્ત મત કેન્દ્રોના મતદારો માટે પ્રતિકૃતિ મતપત્રની નકલો ઉપયોગમાં લેવાશે. મતદારોને પ્રતિકૃતિ નકલ સાથે મત આપવાનો પ્રયાસ કરવાથી બચાવવા માટે તે નિયમિત મતપત્રથી દેખાવમાં અલગ હોવા જોઈએ. મતદાર દ્વારા વિનંતી કરવામાં આવે ત્યારે મતપત્રની પ્રતિકૃતિ નકલોના અસ્તિત્વની જાણ કરવા અને પ્રતિકૃતિ મતપત્ર કેવી રીતે આપવા તે હેતુથી મત કેન્દ્રના કાર્યકર્તાઓને તાલીમ આપવામાં આવશે. ઇપોલબોક્સની બાજુમાં તમામ મત કેન્દ્રોમાં લક્ષિત અધિકારક્ષેત્રો માટે દેશ દ્વારા સમાવિષ્ટ તમામ 14 ભાષાઓમાં (અંગ્રેજી, ચાઇનિઝ, સ્પેનિસ, ટેગલોગ, વિયેટનામિઝ, ખ્મેર, કોરિયન, હિન્દી, જાપાનિઝ, ગુજરાતી, નેપાળી, પંજાબી, તામિલ અને તેલુગુ) ચિહ્નો લગાવવામાં આવશે, જેના દ્વારા મતદારોને મતપત્રોની પ્રતિકૃતિ નકલો હોવાની જાણ કરવામાં આવશે

મતદાન કેન્દ્રો પર મતદારો માટે તમામ કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકાઓમાં મતદાન કેન્દ્રો પર અને ચૂંટણી સંહિતા§14201 મુજબની વિનંતી પર મતદારોને એ જાણ કરવા માટે કે પ્રતિકૃતિ મતપત્ર એપ્લિકેશન અને નોટિસ 14 ભાષાઓમાં હશે. ચૂંટણીના ઓછામાં ઓછા 14 દિવસ પહેલા મત કેન્દ્રોને

મતદાર કેન્દ્રોની ઓળખ આપવાની સૂચિ કે જ્યાં મતદારો માટે પ્રતિકૃતિ મતપત્ર નકલો ઉપલબ્ધ છે, કાઉન્ટની વેબસાઇટમાં પ્રકાશિત કરવામાં આવશે.

જ્યારે કોઈ ચોક્કસ દ્વિભાષી કાર્યકર ઉપલબ્ધ ન હોય, મત કેન્દ્ર કર્મચારી ROV કચેરીને કૉલ કરી શકે છે અને અમારા દ્વિભાષી કર્મચારીઓમાંના એક સાથે વાત કરી શકે છે. ઉપરાંત, અમને મળેલી કોઈપણ ભાષા વિનંતીને અમે કાઉન્ટીની ફોન ભાષાંતર સેવા થકી પણ પૂરી કરી શકીએ છીએ.

પ્રિન્ટ મીડિયા તેમજ ઇલેક્ટ્રોનિકલી (દેશના મતદાર માટેની માહિતી માર્ગદર્શિકા (CVIG)) બન્ને રીતે તમામ મત સામગ્રીઓને સંઘીય રીતે ફરજિયાત એવી પાંચ ભાષામાં તૈયાર કરવામાં આવશે. તમામ મત કેન્દ્રો ખાતે ભાષાકીય સહાયની ઉપલબ્ધતા લખેલા ચિહ્નો મૂકવામાં આવશે. કાઉન્ટીની ફોન અનુવાદ સેવા.
તમામ મતદાન સામગ્રીઓ મુદ્રિત માધ્યમોમાં તેમજ ઈલેક્ટ્રોનિકલી (કાઉન્ટી વોટર ઈન્ફોર્મેશન ગાઈડ (CVIG) ધરાવતું ટેબ્લેટ) એમ પાંચ સંઘીય ફરજિયાત ભાષાઓમાં બનાવવામાં આવે છે. ભાષા સહાયની ઉપલબ્ધતાની નોંધ લેતા તમામ મત કેન્દ્રો પર ચિહ્નો પણ મુકવામાં આવશે

## મત કેન્દ્ર નિયુક્તિ વિચારણા

ROVએ **બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો** વિભાગમાં વર્ણવ્યા અનુસાર રાજ્ય સચિવ દ્વારા આદેશિત એ જ 14 માપદંડોનો ઉપયોગ કરે છે. અનેક ઉપલબ્ધ સ્ત્રોતોમાંથી એકત્ર કરેલ ડેટા (દા. ત. અમેરિકન કમ્યુનિટી સર્વે, ROV મતદાર ડેટાબેઝ, VTA બસ સ્ટોપ) નો ઉપયોગ આ માપદંડો માટે પરિમાણની ગણતરી માટે કરે છે. આ માપદંડોમાં જાહેર પરિવહન, ટ્રાફીકની ઢબ, વસ્તી કેન્દ્રી, ભાષાકોય લઘુમતીઓ, વિકલાંગતા, વાહન માલિકીનો નીચો દર, ઓછી આવક, મેઈલ-દ્વારા-મતનો ઓછો ઉપયોગ અને ઓછી મતદાર નોંધણીનો સમાવેશ થાય છે

"DOTS" નામનું એક સીટિંગ સાધન ROVને મત કેન્દ્રો માટે સૌથી વધુ અનુકૂળ સ્થાનો નક્કી કરવામાં મદદ કરવા માટે વિકસાવાયું હતું. આ મોડેલ કાઉન્ટીને 0.5 માઇલના ચોરસ ભાગોમાં વિભાજન કરે છે. દરેક ચોરસ ભાગને ઉપર સૂચિમાં સમાવેલા દરેક માપદંડ માટે એકથી પાંચના સ્કોર પર આંકવામાં આવે છે. દરેક વ્યક્તિગત સ્કોરને ઉમેરીને અંતે એક કુલ સ્કોર મેળવવામાં આવે છે. પછી સંભવિત મત કેન્દ્ર અને બૅલટ ડોપ-બૉક્સ સ્થાનો ઉપર નકશાના સ્કોરની ઉપર મૂકાય છે. જે સ્થળો ઊંચા સ્કોર વાળા ચોરસ ભાગની અંદર, અથવા નજીક આવે તેમને પ્રાથમિકતા આપવામાં આવે છે કારણ કે તેઓ વધુ માપદંડોને પૂરા કરતાં હોય છે.

આ પ્રક્રિયામાં જાહેર જનતા તરફથી મળેલા ઇનપુટને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. ROV એ ભૂતકાળમાં મતદાર નોંધણી તથા મેઈલ-દ્વારા-મતના ઉપયોગના નીચા દરો વાળા સમુદાયો સાથે નિકટતાને અગત્યતા આપે છે, કારણ કે આ સમુદાયો મત કેન્દ્ર દ્વારા પૂરી પડાતી સેવાઓ, જેવી કે શરતી મતદાર નોંધણી અથવા વ્યક્તિગત આવીને મતદાન કરવાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે છે. જાહેર જનતા અને ROV કર્મચારી દ્વારા પસંદ કરાયેલા માપદંડોને સાઇટિંગ સાધન વિકસાવવાની પ્રક્રિયામાં વધુ ભાર આપવામાં આવે છે. અન્ય માપદંડો, જેવા કે ઓરડાની ઉપલબ્ધતા, કિંમત, કદ, આકાર, પાર્કિંગ માટે સુલભતા અને વિકલાંગ મતદારો માટે વૈકલ્પિક પદ્ધતિઓની જરૂરિયાતને કિસ્સા દર કિસ્સાના કાલ્પનિક ક્રમને આધારે મૂલવવામાં આવે છે. જનતા ROV ને voterschoice@rov.sccgov.org પર અથવા (408) 299-POLL (7655) પર કૉલ કરીને મત કેન્દ્ર સ્થાનો માટે સૂચનો સબમિટ કરી શકે છે.

વધુ ગીચ વિસ્તારોમાં, ભૂતકાળમાં ઓછું મતદાન થયેલા વિસ્તારોમાં, અને ઓછી સેવાઓ પ્રાપ્ત સમુદાયોવાળા વિસ્તારોમાં, પૂરતું કવરેજ સુનિશ્ચિત કરવા માટે ROV એ કામગીરી કરી છે. ઉપરાંત, મત કેન્દ્ર હદોને મતદારને મત કેન્દ્ર સુધી મુસાફરી કરવાના અંતર અને સમયને સીમિત કરવામાં મદદ

કરવા માટે સ્થાપિત કરાઈ. મોબાઇલ મત કેન્દ્રોના બદલે ROV ન્યૂનતમ આવશ્યક્તા સિવાયના વધારાના મત કેન્દ્રો રાખવાની અને આ સમગ્ર વિસ્તારોમાં તેમને એકબીજાની નજીક રાખવાની યોજના ધરાવે છે, કે જેથી સ્થાનિક સમુદાયને સારી સેવા પૂરી પાડી શકાય.

## ચૂંટણી અધિકારીઓનું બંધારણ

ROV મત કેન્દ્રો પર નિયુક્ત કરવા માટે ચૂંટણી અધિકારીઓને કામે રાખે છે. (ચૂંટણી સંહિતા દ્વારા ઇલેક્શન બૉડ્સ તરીકે સંદર્ભાયેલા[16]). ચૂંટણી અધિકારીઓ શક્ય તેટલા વૈવિધ્યપૂર્ણ સમુદાયોમાંથી હોય છે, જેથી મતદારો માટે પ્રક્રિયા કરવા માટે જરૂરી કૌશવ્યોનું પ્રમાણ વધારી શકાય[17]. મત કેન્દ્ર કર્મચારીને ગ્રાહક સેવા, દ્વિભાષી ક્ષમતા, વૈવિધ્યપૂર્ણતા અને સમાવેશ પ્રત્યે સંવેદનશીલતા, નેતૃત્વ ગુણો, ટેક્નોલોજિકલ આવડતો, અને સામુદાયિક સહભાગિતાની નાગરિક ફરજો માટે સ્ક્રીન કરવામાં આવે છે. તેમને નવી મત કેન્દ્ર ટેક્નોલૉજી, મતદારો સાથે કેવી રીતે પ્રક્રિયા કરવી, અને ટોળા પર કાબૂના સંચાલન માટે તાલીમ આપવામાં આવી છે. વધારાના ગ્રાહક સેવા તાલીમ મુદ્દાઓમાં વરિષ્ઠો અને વિકલાંગ મતદારો માટે સુલભતા, સમાવેશનો ભાવ અને યોગ્ય વાતચીતનો સમાવેશ થાય છે. પાત્રતા અને સમુદાયની જરુરિયાતોને આધારે ROV શ્રેષ્ઠ ઉમેધ્વારોની પસંદગી કરે છે.

ચૂંટણી અધિકારીઓનું બંધારણ વધારાની મદદ માટેના કાઉન્ટી કર્મચારીઓ અને સ્ટાઇપન્ડ પરના સ્વયંસેવકોનું સંયોજન છે. લીડ અને કારકુનને કલાકના દરે કાઉન્ટી કામદારો તરીકે રાખવામાં આવે છે અને ગ્રીટરો મોટા ભાગે સ્ટાઇપન્ડ કામદારો હોય છે. તમામ મત કેન્દ્ર કર્મચારીઓ ભૂમિકા અનુસાર તાલીમબધ્ઢ છે અને જો તમામ ચૂંટણી દિવસમાં નહીં તો એક દિવસ (સ્ટાઇપન્ડ પરના કામદારો) થી લઈને અનેક ધ્વિસો સુધી કામ કરશે.

મત કેન્દ્રો માટે કર્મચારીઓને કામે રાખવા એ મત કેન્દ્રના કદ અને ચૂંટણીના દિવસથી નિકટતા ઉપર આધાર રાખે છે. આયોજન એવું છે કે દરેક મત કેન્દ્ર ખાતે છ (6) થી પંદર (15) ચૂંટણી અધિકારીઓ હોય. મોટા મત કેન્દ્રો પર અને વધુ વ્યસ્ત સમય દરમ્યાન તથા જેમ ચૂંટણીનો દિવસ નજીક આવે તેમ વધુ કર્મચારીઓ કામે લગાડાશે. કાઉન્ટીની ભાષાકીય જરૂરિયાતોને સમર્થન આપવા માટે શક્ય તેટલા વધુ દ્વિભાષી ચૂંટણી અધિકારીઓની ભરતી કરવા માટે પ્રયાસ કરવામાં આવે છે.

## ઇલેક્ટ્રોનિક પોલબુક્સ (ઈ-પોલબુક્સ)

---

16 ચૂંટણી સૂંહિતા §4005

17 ચૂંટણી સૂંહિતા, વવભાગ 12, પ્રકરણ 4 ની કલમ 1

VCA હેઠળ ફેરફારોના અસરકારક અમલીકરણ માટે, મત કેન્દ્રોને ઈ-પોલબુક્સ વડે સજ્જ કરવામાં આવેલ છે [18]. ઈપોલબુક એ ઇલેક્ટ્રોનિક હાડવેર અને સોફ્ટવેરનું જોડાણ છે જેને મત કેન્દ્રો અને ROVની ચૂંટણી માહિતી સંચાલન પ્રણાલી (EIMS) વચ્ચે સુરક્ષિત ઇલેક્ટ્રોનિક સંચારણ સુનિશ્ચિત કરવા માટે ઉપયોગમાં લેવાય છે. ROV EIMS ત્યાર પછી VoteCal મારફત રાજ્યના સચિવની કચેરીને માહિતી મોકલે છે. VoteCal એ રાજ્યવ્યાપી કેન્દ્રસ્થ મતદાર નોંધણી ડેટાબેઝ છે જે કાઉન્ટી ચૂંટણી સંચાલન પ્રણાલીઓ અને અન્ય રાજ્ય પ્રણાલીઓ, જેવી કે ડિપાર્ટમેન્ટ ઑફ કરેક્શન્સ એન્ડ રિહેબિલિટેશન, ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક હેલ્થ, અને ડિપાર્ટમેન્ટ ઓફ મોટર વ્હિકલ્સ સાથે પરસ્પર સંચારણ અને માહિતીની આપ-લે કરે છે. આ નવી VCA ટેક્નોલોજી એક લેપટોપ કે ટેબ્લેટ પર કામ કરે છે, પરંતુ તેને *"હાર્ડન્ડ"*; કરેલ છે; એનો અર્થ એમ કે, માત્ર ROV દ્વારા મંજૂર કરાયેલું ઈ-પોલબુક સોફ્ટવેર જ આ સાધન ઉપર કામ કરી શકે છે.ઈ-પોલબુક નોંધણી થયેલા મતદારોની એક ઇલેક્ટ્રોનિક સૂચિ (રોસ્ટર ઇન્ડેક્સ) ધરાવશે જેને મત કેન્દ્રો ખાતે મોકલી શકાય અને ઉપયોગમાં લઈ શકાય. રોસ્ટર ઇન્ડેક્સ એ ચૂંટણીમાં મત આપવા માટે પાત્ર તમામ નોંધણી થયેલા મતદારોની ઔપચારિક સૂચિ છે. મુખ્યત્વે તેનો ઉપયોગ મતપત્ર મેળવવા માટેની મતદારની યોગ્યતાની ખરાઈ કરવા માટે અને બેવડું મતદાન રોકવા માટે નજીકના વાસ્તવિક સમયમાં મતદારનો ભૂતકાળ જાણવા માટે થાય છે.

ઈ-પોલબુક્સને એક સુરક્ષિત તાળાબંધ, પાણીથી સલામત ખોખામાં બંધ કરવામાં આવે છે અને બીજા સુરક્ષિત પાંજરામાં કડક રીતે તાળાબંધ કરી રાખવામાં આવે છે તથા રોજિંદા સંગ્રહણ માટે ચાવી નિર્દિષ્ટ કર્મચારીને સોંપવામાં આવે છે. કાર્યકારી કલાકો દરમ્યાન, આ એકમોમાં સંગ્રહ કરેલો ડેટા સતતપણે અપડેટ થતો હોય છે. ઈ-પોલબુક્સને એક સુરક્ષિત ક્લાઉડ સાથેના એક સુરક્ષિત જોડાણનો ઉપયોગ કરીને માત્ર અધિકૃત ઉપયોગકતઓને યુઝર એક્સેસ હોય તે માટે પ્રોગ્રામ કરવામાં આવ્યા છે. આ ક્લાઉડ સર્વર ડેટાબેઝ અને મતદાર ડેટામાં કોઈપણ અપડેટના સંચારણ માટે ROVની ચૂંટણી માહિતી સંચાલન પ્રણાલી સાથેના જોડાણની જાળવણી ડરે છે. ઈ-પોલબુક્સમાં મતદાર ડેટાની સુરક્ષા વિશે વધુ માહિતી **મતદાન સુરક્ષા** વિભાગ **ભાગ 2: મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના**માં મળશે.

ઈ-પોલબુક્સને નામ, સરનામાં, જન્મ તારીખ, પસંધ્ગીની ભાષા, પક્ષની પસંદગી, પ્રિસિન્ક્ટ, અને મેઈલ-દ્વારા-મત સ્થિતિ સહિતના મતદાર નોંધણી ડેટાની ચકાસણી કરવા માટે ઉપયોગમાં લઈ શકાય. વધુમાં, ઈ-પોલબુક્સ ક્યારેય નિમ્નલિખિત મતદાર માહિતીનો સંગ્રહ નથી કરતાં: ડ્રાઈવર લાઇસન્સ નંબર, અથવા સોશિયલ સિક્યુરિટી નંબરનો કોઈપણ સંદર્ભ. ઈ-પોલબુક્સ લગભગ રિયલ-ટાઇમ શોધ અને મતદાર સ્થિતિ માહિતી પૂરા પાડે છે, જે ખરા અર્થમાં, મતદારો અને ROV ચૂંટણી

[18] ચૂંટણી સૂંહિતા §2183

અધિકારીઓ, બંને માટે એક વધુ સારો મતદાન અનુભવ પ્રસ્તુત ક રે છે.

## આઉટરીચ

### જાહેર પરામર્શ

કેલિફોર્નિયા ચૂંટણી સંહિતા મુજબ, ચૂંટણી વહીવટ યોજના પ્રક્રિયામાં સમાવેશક સહભાગીતા મેળવવા માટે ROV, EAP ના દરેક અપડેટ બાબતે જનતા પાસેથી સતત ઇનપુટ પ્રાત કરશે. ચૂંટણી સંહિતા મુજબ, દર ચાર વર્ષે, EAP સુધારા બાબતે ROV જાહેર બેઠકો યોજશે.

EAP મિટિંગોમાં લક્ષ્ય રખાયેલા મુદ્દાઓ આ મુજબ છે:

- સંભવિત મત કેન્દ્ર સ્થાનો
- સંભવિત બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો
- વિવિધ ભાષા સુલભતા જરૂરિયાતો
- વિવિધ મતદાર સુલભતા જરૂરિયાતો
- મીડિયા અને કાર્યક્રમો થકી સમુદાય આઉટરીચ માટેની ભલામણો

### જાહેર સૂચનાઓ

બે સીધા મેઇલર્સ દ્વારા, જાહેર જનતાને સૂચિત કરવામાં આવશે કે તમામ મતદારો મેઈલ-દ્વારા-મત મતપત્ર પ્રાપ્ત કરશે. આ સૂચનાઓ મતદારોને જાણ કરશે કે તમામ-મેઈલ કરાયેલા મતપત્ર વાળી ચૂંટણી યોજવામાં આવશે, અને મતદારો ત્રણમાંની એક રીતે તેમના મતપત્રોથી મત આપી શકશે: મેઈલ દ્વારા (ટપાલ ખર્ચ ચૂકવેલ), કોઈપણ બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન પર, અથવા કાઉન્ટીમાં કોઈપણ મત કેન્દ્ર ખાતે. નોટીસોમાં એક લિંકનો પણ સમાવેશ થશે જ્યાં મતદારો એ તારીખો, સ્થાનો, અને મત કેન્દ્રો અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો ખુલ્લા હશે તે કલાકો, તેમજ એક સુલભ ફોર્મેટ અથવા અંગ્રેજી સિવાયની રજૂ કરાયેલી આઠમાંથી એક ભાષામાં મેઈલ-દ્વારા-મત મતપત્ર માટે વિનંતી કરવાની સમયસીમા પણ જોઈ શડશે. સીધા મેઇલરમાં આપવામાં આવેલી વધારાની માહિતીમાં આનો સમાવેશ થાય છે: મત કેન્દ્રની મહત્ત્વની માહિતી અને કાઉન્ટી તથા રાજ્યના મતદારની માહિંતી માર્ગદર્શિકાની વિગતો. આ સૂચનાઓ મતદારોને ROV વેબસાઇટ, હોન નંબરો, અને સહાય માટે વિનંતી કરવા એક ટોલ ફ્રી હોટલાઇન (866) 430-VOTE માટેની એક લિંક પણ પૂરી પાડશે.

પ્રથમ સીધા મેઇલરને ચૂંટણીના લગભગ 90 દિવસ પહેલાં મેઇલ કરવામાં આવશે, જેના પછી બીજો

સેટ ચૂંટણીના લગભગ 29 દિવસ પહેલાં મેઇલ કરવામાં આવશે. તમામ જાહેર સૂચનાઓ અને VCA સંબંધિત માહિતી ROVની  વેબસાઇટ પર એક સુલભ ફોર્મેટમાં મૂકવામાં આવશે.

## ભાષા સુલભતા અને મતદાન સુલભતા સલાહકાર સમિતિઓ

Santa Clara કાઉન્ટી ના મતદારોના રજિસ્ટ્રાર (ROV) એ આંતરિક પ્રક્રિયા વિકાસ, હિતધારક અને જાહેર જનતાના ઇનપુટની સંકલન પ્રક્રિયા અને મતદારની પસંદગીનો અધિનિયમ (VCA) અપનાવ્યો હોય તેવી કાઉન્ટીઓના પ્રતિભાવ થકી બે સલાહકાર સમિતિઓની સ્થાપના કરી છે. પ્રથમ સમિતિ ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC) છે, જે લઘુમતી ભાષા સમુદાયો પાસેથી જેમની પ્રમુખ ભાષા અંગ્રેજી સિવાયની હોય તેવા મતદારોને મત કેન્દ્ર મોડેલ કેવી રીતે વધુ કામ લાગી શકે તે માટેના રસ્તાઓ વિશે ઇનપુટ માંગશે. બીજી સમિતિ મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC) છે, જે સુલભતાની ચિંતા વાળા મતદારો, જેમ કે વરિષ્ઠો અથવા વિકલાંગ મતદારો પાસેથી, તેમની મતદાન જરૂરિયાતો અને ચિંતાઓ ઉકેલાય તે સુનિશ્ચિત કરવા ઇનપુટ માંગશે. આ સમિતિઓમાં સભ્યપદ બિન-નફા તથા સમુદાય આધારિત સંસ્થાઓથી લઈને Santa Clara કાઉન્ટીની અંદરની સુધરાઈઓ સુધીના વિવિધ સંપર્કોના નેટવર્કિંગ તથા સહયોગ થકી ઉમેરવામાં આવે છે. તમામ LAAC અને VAAC મિટિંગોની સૂચિ, તેના એજન્ડા અને નોંધ સાથે, ROV વેબસાઇટ પર મૂકવામાં અને જાળવવામાં આવે છે. www.sccvote.org/voterschoice.

# ભાગ 2 - મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના

મતદારની પસંદગી અધિનિયમ (VCA) એ જરૂરી બનાવે છે કે VCAનું અમલીકરણ કરતી કોઈપણ કાઉન્ટી એક મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના પણ અમલમાં મૂકે, જે મતદારોને VCAની જોગવાઈઓ વિશે જાણ કરે. વધુ સ્પષ્ટ રીતે, કાયદો જેમની પ્રમુખ ભાષા અંગ્રેજી સિવાયની હોય તેવા મતદારો, તેમજ વિકલાંગ મતદારોને લક્ષ્યમાં રાખીને, ઉપલબ્ધ સેવાઓ પર સમુદાયોને શિક્ષિત કરવા માટે આઉટરીચ અનિવાર્ય બનાવે છે.

Santa Clara કાઉન્ટી ના મતદારોના રજિસ્ટ્રાર (ROV) પાસે હાલમાં એક આઉટરીચ ટીમ અને કાર્યક્રમ છે, અને સમુદાયમાં હાજરી જાળવી રાખવા સમગ્ર વર્ષ દરમ્યાન અનેક કાર્યક્રમોમાં ઘણી વખત ભાગ લે છે, તેમજ મતદાર નોંધણી સેવાઓ અને સામાન્ય મતદાર શિક્ષણ પૂરું પાડે છે. EAPનો આ મતદાર શિક્ષણ અને આઉટરીચ વિભાગ એ દર્શાવે છે કે જાહેર જનતાને VCA વિશે શિક્ષિત કરવા માટે થઈને ROV કેવી રીતે તેમની હાલની આઉટરીચ પદ્ધતિઓને ઉપયોગમાં લેશે અને સમુદાયો સુધી પહોંચવાની નવી રીતો સાથે તેમને જોડાણમાં લાવશે. આઉટરીચ પ્રવૃત્તિઓની રચના સામુદાયિક ભાગીદારીઓ વધારવા, નાગરિક સમાવેશની તકોને વિસ્તારવા, અને મત કેન્દ્ર મોડેલ વડે મતદાર અનુભવને સુધારવાના ધ્યેય સાથે કરવામાં આવશે.

## <u>વિભાગ 1: મતદાર સંપર્ક - સામાન્ય</u>

ROVએ ભૂતકાળમાં જેમાં ભાગ લીધો છે તેવા કાર્યક્રમો અને આઉટરીચ હાથ ધરી છે તે ઉપરાંત, કાઉન્ટીની વસ્તીમાંથી શક્ય તેટલી વધુને આવરી લેવા માટે મતદાર શિક્ષણ અને આઉટરીચનું આયોજન કરવામાં આવ્યું છે. એવા સમુદાયો કે જે ભૂતકાળથી સેવાથી વંચિંત લોકો ધરાવે છે તેમના સુધી પહોંચવાની યોજનાઓ છે.

ROV જેમના સુધી પહોંચવાની યોજના ધરાવે છે તેવા થોડા સમુદાયોમાં વરિષ્ઠોના સમુદાયો, વંશીય/ભાષા કી ય સમુદાયો, યુવા સમુદાયો, વિદ્યાર્થી સમુદાયો, સેવાથી વંચિત સમુદાયો, અને પાડોશી જૂથોનો સમાવેશ થાય છે. ROV 100 કરતાં વધુ સમુદાય આધારિત સંસ્થાઓ (CBOs) સાથે તેઓ તેમના સમુદાયોમાં જે કાર્યો કરે છે તેના વિશે અને ROVની આઉટરીચ ટીમ કેવી રીતે ભાગ લઈ શકે તે જાણવા માટે સાથે શામેલ થવાની યોજના પણ ધરાવે છે. ધ્યેય છે કે મતદાર શિક્ષણ કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરવા માટે CBOs અને તમામ સમુદાયો સાથે મળીને કામ કરવું.

## મીડિયાનો ઉપયોગ

ROV ઉનાળામાં મોડેથી અથવા પાનખરની શરુઆતમાં શરુ થનારી લક્ષિત મીડિયા ઝુંબેશમાં મત કેન્દ્ર મોડેલ, મેઈલદ્વારા-મત પ્રક્રિયા, વહેલાં મતદાનના વિકલ્પો અને મત કેન્દ્ર ખાતે કામ કરવાની તકો વિશે માહિતી પૂરી પાડશે.

મીડિયા આઉટલેટ્સ માટેની તકોમાં નિમ્ન લિખિતનો સમાવેશ થાય છે, પરંતુ તેટલી પૂરતી સીમિત નથી:

1. સ્થાનિક ટેલિવિઝન અને સામુદાયિક કેબલ સ્ટેશનો
   a. કોમકાસ્ટ
   b. યુનિવિઝન
   c. ટેલિમુન્ડો
   d. નમસ્તે ટીવી
   e. ક્રોસિંગ ટીવી
2. સમાચારપત્ર (સ્થાનિક અને સામુદાયિક)
   a. The Mercury News
   b. મેટ્રો
   c. મોર્ગન હિલ ટાઇમ્સ
   d. ગિલરોય ડિસ્પેચ
   e. અલ એલબ્સર્વેડોર
   f. ઇપોક ટાઇમ્સ
   g. ઇન્ડિયા વેસ્ટ
   h. કોરિયા ટાઇમ્સ
   i. નિચિ બેઇ વીકલી
   j. ફિલિપાઇન ન્યૂઝ
   k. સેન જોઝ સ્ટેટ સ્પાર્ટન ડેઇલી
   l. Santa Clara યુનિવર્સિટી ન્યૂઝપેપર
   m. સ્ટેન્ડફોર્ડ ડેઇલી
   n. વિયેત નામ ડેઇલી
   o. વર્લ્ડ જર્નલ
   p. N અને R

q. ચાઇના પ્રેસ
r. જેવીકલી
s. સ્પોટલાઇટ
t. બેયસ્પો મેગેઝિન
u. ડેઇલી પોસ્ટ
v. ઇન્ડિયા કરન્ટ

3. Radio
   a. KBAY/KEZR
   b. KFOX
   c. KRTY/KLIV
   d. સાઉન્ડ ઑફ હોપ
   e. સિંગ તાઓ
   f. યુનિવિઝન
   g. વિએન થાઓ
   h. સેલિના રોડ્રિગેઝ
   i. ચાઇના પ્રેસ
   j. રેડિયો ઝિંદગી
4. ROV અને કાઉન્ટી માટે સોશિયલ મીડિયા અને વેબસાઇટ્સનો ઉપયોગ
   a. ROV Facebook પેજ: https://www.facebook.com/sccvote
   b. કાઉન્ટી Facebook પેજ: https://www.facebook.com/county.of.santa.clara
   c. ROV Twitter: https://twitter.com/sccvote
   d. કાઉન્ટી Twitter: https://twitter.com/SCCgov
   e. ROV Instagram: www.instagram.com/sccvote
   f. Nextdoor ઍપ: (Santa Clara કાઉન્ટી સંચારણો અને મીડિયા માટે શોધો)
   g. કાઉન્ટી ન્યૂઝલેટર સબ્સ્ક્રિપ્શન સૂચિઓ
5. ROV YouTube: https://www.youtube.com/sccvote
6. વેલિ પરિવહન સત્તામંડળ બસો પર જાહેર પરિવહન સંદેશાઓ
7. સમગ્ર કાઉન્ટીમાં સામુદાયિક ભાગીદાર, વિકલાંગતાને સમર્થન આપતી સંસ્થાઓ, ચૂંટાયેલા અધિકારીઓ, વિશેષ ડિસ્ટ્રિક્ટ્સ, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ્સ, સમુદાય આધારિત સંસ્થાઓ,અને ધર્મ-આધારિત સંસ્થાઓ જેવા જૂથો સાથે સામગ્રીની વહેચણી
8. જાહેરાતની ઝુંબેશના પૂરક અને પૂર્તિ રુપે ઉપલબ્ધ આઉટલેટ્સ પર જાહેર સેવા ઘોષણાઓ (PSAs) નો ઉપયોગ થશે. આ PSAs, VCA વિશે સામાન્ય માહિતી, VCA વિશે ચોક્કસ ભાષામાં માહિતી

અને ટોલ-ફ્રી ભાષા સહાય હોટલાઇન તથા મત કેન્દ્ર ખાતે અને દૂરસ્થ સુલભમા મેઈલ-દ્વારા-મત થકી સુલભતા વિકલ્પો સહિતના મુદ્દાઓ આવરી લેશે.

મતદારોને દરેક આવનારી ચૂંટણી વિશે જાણ કરવા ROV ઑડિઓ અને વિઝ્યુઅલ મીડિયાનો પણ ઉપયોગ કરશે, જેને મુખ્યત્વે સુલભ ફોર્મેટ્સમાં વહેંચવામાં આવશે. ધ્યેય છે કે વિકલાંગતા ધરાવતા મતદારો, જેમ કે જેઓ બધિર છે અથવા સાંભળવામાં તકલીફ વાળા છે, અને મતદારો જેઓ અંધ છે અથવા દૃષ્ટિ તકલીફ ધરાવે છે, સહિતના તમામ કાઉન્ટી મતદારો સુધી પહોંચાય.

## સામુદાયિક હાજરી યોજના અને મતદાતા શિક્ષણ સામગ્રીઓ

ROV સમગ્ર વર્ષ દરમિયાન ખાસ કરીને હજારો સામુદાયિક પ્રસંગોમાં સહભાગી થાય છે અને કોઈ પણ આવનાર બદલાવોની તેમના સમુદાયોને કેવી રીતે જાણ કરવી તથા મતદારોની સહભાગીતા વધારવા માટે CBO સાથે પણ સક્રિય રીતે કામ કરે છે. મતદાર શિક્ષણને આગળ વધારવામાં મદદ કરવા માટે સૂચના સામગ્રી અને કર્મપમારીઓ ઉપલબ્ધ કરાઈ રહ્યાં છે. સમુદાય આઉટરીચ યોજના વિશે વધુ માહિતી પરિશિષ્ઠ B માં મળશે.

## સીધા મેઈલર્સ

ROV Santa Clara કાઉન્ટીમાંના દરેક નોંધણી થયેલા મતદારને બે (2) અલગ--અલગ ટપાલો વડે આવનારી ચૂંટણીઓ વિશે જાણ કરશે અને ટોલ-ફ્રી મતદાર સહાય હોટલાઇન, (866) 430-VOTE ને પ્રોત્સાહિત કરવા માટે તેમનો સંપર્ક કરશે. મેઈલ મતદારોને નવા ચૂંટણી મોડેલ, આવનારી ચૂંટણી વિશે માહિતી પૂરી પાડશે, જ્યાં તેમને આ કેરફારો વિશે વધુ માહિતી અને એક લિંક જ્યાં મતદારો તારીખ, સ્થાનો તથા મત કેન્દ્રો તથા બૅલટ ડ્રોપ -ઓફ સ્થાનો ખુલ્લાં રહેશે તે કલાકો ઍક્સેસ કરી શકે, તેઓને મળશે. દરેક મેઇલરનું 13 જેટલી ભાષાઓમાં અનુવાદન ડરવામાં આવે છે, જેનો આધાર મતદારોની ભાષા પસંદગી પર રહે છે કે જેને અંગ્રેજી સિવાય અન્ય પસંદગીની ભાષા પસંદ કરેલ નોંધાયેલ મતદાતાઓને વિતરણ કરવાનું હોય છે.

## ROV વેબસાઇટ પર મતદાર શિક્ષણ સંસાધનો

મતદારની પસંદગી અધિનિયમ માહિતી સહિતની ROVની તમામ આઉટરીચ મતદાર શિક્ષણ સામગ્રીઓ ROV ની વેબસાઇટ પર ઇલેક્ટ્રોનિક ફોર્મેટમાં ઉપલબ્ધ કરવામાં આવેલ છે. ROV વેબસાઈટમાં નીચેની માહિતી હશે:

- VCA વિશે સામાન્ય માહિતી

- મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-બૉક્સ સ્થાનો અને કલાકો
- ROV ટોલ-ફ્રી મતદાર સહાય હોટલાઇન
- EAP દસ્તાવેજ
- VCA જાહેરાત સામગ્રી
- VCA શૈક્ષણિક વિડીયો અને પ્રસ્તુતિઓ
- આઉટરીચ અને વર્કશોપ સમયપત્રક
- દરેક મત કેન્દ્ર પર વ્યક્તિગત ભાષા સહાયની ઉપલબ્ધતા

## વિભાગ 2: મતદાર સંપર્ક – ભાષાકીય લઘુમતી સમુદાયો

મતદારોના રજિસ્ટ્રાર (ROV) એ લઘુમતી ભાષા સમુદાયો પાસેથી જેમની પ્રમુખ ભાષા અંગ્રેજી સિવાયની હોય તેવા મતદારોને મત કેન્દ્ર મોડેલ એવી રીતે વધુ કામ લાગી શકે છે તે માટેના રસ્તાઓ વિશે ઇનપુટ માંગવા માટે એક ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC) ની સ્થાપના કરી. આ સમિતિ વિવિધ બાબતો જેવી કે મત કેન્દ્ર સ્થાનો, તેમજ કોઈપણ લાક્ષણિકતાઓ અને પૂરી પાડવામાં આવશે, અથવા પૂરી પાડવી જોઈએ તેના વિશે પ્રતિભાવ પૂરો પાડે છે. સમુદાયને સાંભળવા માટે આ સમિતિં નિયમિત મળે છે.

### ભાષા લઘુમતી સમુદાયની ઓળખ કરવી

ભાષાકીય લઘુમતી સમુદાયો Santa Clara કાઉન્ટીમાં નોંધણી થયેલા મતદારોની પસંદગીની ભાષા વિનંતીઓને આધારે ઓળખાઈ શકે છે. આ માહિતીનો ઉપયોગ વસ્તીગણતરી માહિતી અને અન્ય જાહેરમાં ઉપલબ્ધ વસ્તી અંગેની માહિતીની સાથે જોડાણમાં કરીને, ROVએ આગળ પડતાં ભાષા વિસ્તારો મેપ કર્યા છે. આઉટરીચને આયોજિત મતદાર શિક્ષણ અને આઉટરીચના ભાગ રુપે આ સ્થાનોને લક્ષ્યમાં રાખવા માટે તૈયાર કરાશે. ROV વિવિધ ભાષાકીય લઘુમતી સમુદાયો પાસેથી આઉટરીચની અન્ય પદ્ધતિઓ અને જેમાં ભાગ લેવું ઉપયોગી હોઈ શકે તેવા સમુદાય કાર્યક્રમોની ઓળખ કરવા માટે ઇનપુટ પણ માંગી રહ્યું છે.

### ભાષાકીય લઘુમતી સમુદાયોને સેવા આપવી જોઈએ

ROV ચૌદ (14) ભાષાઓમાં સેવાઓ પૂરી પાડી રહ્યું છે; અંગ્રેજી સહિત. ચાર ભાષાઓ ફેડરલ દ્વારા આદેશિત છે: અંગ્રેજી, ચાઇનીઝ, સ્પેનિશ, ટાગાલોગ અને વિયેટનામિઝ. નવ ભાષાઓને રાજ્ય દ્વારા

ફરજિયાત કરવામાં આવી છે: ગુજરાતી, હિન્દી, જાપાનીઝ, ખમેર, કોરિયન, નેપાળી, પંજાબી, તામિલ અને તેલુગુ. અધિકૃત મતપત્રો અને, શરતી મતદાર નોંધણી અને કામચલાઉ મતપત્ર પરબીડિયાને નવ ભાષામાં પૂરું પાડવામાં આવશે."મત સ્થાન") અને મતપત્ર ડોપ બોક્સ ચિહ્ન પણ ઉપરાંત વધારાની પાંચ ભાષાઓ ગુજરાતી, નેપાળી, પંજાબી, તામિલ અને તેલુગુ એમ કુળ ચૌદ ભાષામાં આપવામાં આવશે. કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકાઓ (CVIGs) પહેલાંની પ્રણાલિકા મુજબ માત્ર ફેડરલ દ્વારા આદેશિત ભાષાઓમાં જ ઉપલબ્ધ હશે. ઉપરાંત, દ્વિભાષી મત કેન્દ્ર કર્મચારી કાઉન્ટીમાં બોલાતી અન્ય ભાષાઓ અથવા બોલીઓ, જેમ કે કેન્ટોનીઝ, ફારસી, ગુજરાતી, નેપાળી, પોર્ટુગીઝ, પંજાબી, રશિયન, સિરિયાઇ, તમિલ, તેલુગુ, અને થાઈમાં મદદ કરવા ઉપલબ્ધ હોઈ શકે. ચોક્કસ ભાષાકીય સમુદાયોની માપણી કરી અને લક્ષ્યમાં રાખીને, ROV વિવિધ સમુદાયોમાં દ્વિભાષી ચૂંટણી અધિકારીઓના રુપમાં યોગ્ય ભાષા સહાય પૂરી પાડવાનું ધ્યેય રાખશે. મત કેન્દ્ર કર્મચારીઓ નક્કી કર્યા બાદ, ROV વેબસાઇટ પર ROV દરેક મત કેન્દ્ર પર વ્યક્તગત ભાષા સહાયની ઉપલબ્ધતાને લગતી માહિતી પોસ્ટ કરશે.

## ભાષાકીય લઘુમતી સમુદાયો માટે મતદાર શિક્ષણ વર્કશોપ

ROV અગાઉ જણાવેલી ચૌદ (14) ભાષામાં દ્વિભાષી મતદાર શિક્ષણ વર્કશોપ્સ પૂરા પાડશે. આ વર્કશોપ્સ Santa Clara કાઉન્ટીમાંના ભાષાકીય સમુદાયોને દરેક ચોક્કસ ભાષામાં ઉપલબ્ધ સામગ્રીઓ અને સહાય ઉપરાંત મત કેન્દ્ર મોડેલ પ્રક્રિયા વિશે માહિતી મેળવવાની એક તક પૂરી પાડશે. ROV ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC) ના સભ્યોના ઇનપુટ વર્કશોપના સ્થાનો અને તારીખોની પસંદગી કરવામાં ઉપયોગમાં લેશે અને તમામ વર્કશોપ્સમાં હાજરી આપનારાઓને સહાય માટે ભાષા માટેના ચોકક્સ દુભાષિયાઓ હશે.

## ભાષાકીય લઘુમતી સમુદાયોને લક્ષ્યમાં રાખીને મીડિયાનો ઉપયોગ

વિવિધ ભાષાકીય લઘુમતીઓને મત કેન્દ્ર મોડેલ અને મેઈલ-દ્વારા-મત મતદાન વિશે માહિતી પૂરી પાડવામાં આવશે, તેમજ સામાન્ય મતદાર માહિતી માટે મતદારોના રજિસ્ટ્રારની કચેરીની ટોલ-ફ્રી હોટલાઇન (866) 430-VOTE, અને (408) 299-VOTE આપવામાં આવશે. ફેડરલ દ્વારા આદેશિત તમામ ભાષાઓનું પ્રતિનિધિત્વ થાય તે રીતે, અનેક ભાષા માટે ચોક્કસ મીડિયા આઉટલેટ્સનો લાભ લેવામાં આવશે. મીડિયા આઉટલેટ્સમાં નિમ્નલિખિત નો સમાવેશ થાય છે, પરંતુ તેટલાથી સીમિત નથી.

1. સ્થાનિક ટેલિવિઝન અને સામુદાયિક કેબલ સ્ટેશનો
    a. Univision (સ્પેનિશ)
    b. Epoch Times (ચાઇનીઝ)
    c. Telemundo (સ્પેનિશ)
    d. Namaste (હિન્દી)
    e. Crossing TV (અંગ્રેજી + તમામ 8 વધારાની)
2. સમાચારપત્ર (સ્થાનિક અને સામુદાયિક)
    a) EI Observador (સ્પેનિશ)
    b) Epoch Times (ચાઇનીઝ)
    c) India West (અંગ્રેજી)
    d) Korea Times (કોરિયન)
    e) Nichi Bei Weekly (જાપાનીઝ)
    f) Philippine News (ટાગાલોગ)
    g) Viet Nam Daily (વિયેટનામિઝ)
    h) World Journal (ચાઇનીઝ)
    i) N & R (અંગ્રેજી)
    j) China Press (ચાઇનીઝ)
    k) JWeekly (જાપાનીઝ)
    l) Spotlight(અંગ્રેજી)
    m) Bayspo Magazine (જાપાનીઝ)
    n) Daily Post (અંગ્રેજી)
    o) India Currents (હિન્દી)
3. Radio
    a) Univision (સ્પેનિશ)
    b) Celina Rodriquez (સ્પેનિશ)
    c) Sound of Hope (ચાઇનીઝ)
    d) Sing Tao (ચાઇનીઝ)
    e) Vien Thao (વિયેટનામિઝ)
    f) China Press (ચાઇનીઝ)
    g) Radio Zindagi (હિન્દી)
    h) કોરિયન અમેરિકન રેડીયો

4. સોશિયલ મીડિયા અને વિભાગની વેબસાઇટ
    a) ROV Facebook પેજ: https://www.facebook.com/sccvote
    b) કાઉન્ટી Facebook પેજ: https://www.facebook.com/county.of.santa.clara
    c) ROV Twitter: https://twitter.com/sccvote
    d) કાઉન્ટી Twitter: https://twitter.com/SCCgov
    e) ROV Instagram: www.instagram.com/sccvote
    f) Nextdoor ઍપ: (Santa Clara કાઉન્ટી સંચારણો અને મીડિયા માટે શોધો)
    g) કાઉન્ટી ન્યૂઝડીડ સબ્સ્ક્રિપ્શન સૂચિઓ
    h) ROV Youtube: https://www.youtube.com/sccvote
    i) ROV વેબસાઇટ: https://www.sccvote.org
5. ભાષા લઘુમતી સમુદાય ન્યૂઝલેટર્સ
6. જાહેર સેવાની જાહેરાતો (PSAs) નો લઘુમતી ભાષાકીય સમુદાયોમાં મતદારોને આવનારી ચૂંટણી અને ટોલ-ફ્રી સહાય હોટલાઇન વિશે જણાવવા ઉપયોગમાં લેવાશે. PSAsનું તમામ ફેડરલ અને રાજ્ય દ્વારા ફરજિયાત કરેલ ભાષાઓમાં અનુવાદ કરવામા આવશે અને લઘુમતી ભાષા ટેલિવિઝન, રેડિયો, સમાચારપત્રો અને ઓનલાઇન્સ સ્રોતો થકી પહોંચાડવામાં આવશે.

## ચૂંટણી અધિકારીઓ

મત કેન્દ્ર કર્મચારીઓનું બંધારણ નક્કી કરવા માટે ROV ચૂંટણી અધિકારીઓને કામે રોકશે (ચૂંટણી સંહિતા દ્વારા ચૂંટાણી બૉડ તરીકે સંદર્ભિત)[19]. મત કેન્દ્રો માટે કર્મચારીઓને કામે રાખવા એ ચૂંટણીના દિવસથી નિકટતા અને મત કેન્દ્રના કદ બંને ઉપર આધાર રાખશે. આયોજન એવું છે કે દરેક મત કેન્દ્ર પર છ (6) થી પંદર (15) ચૂંટણી અધિકારીઓ કામ કરે. મોટા મત કેન્દ્રો પર અને વધુ વ્યસ્ત સમય દરમ્યાન જેમ ચૂંટણીનો દિવસ  નજીક આવે તેમ વધુ કર્મચારીઓ કામે લગાડાશે. ચૂંટણીના દિવસ થી 10 દિવસપહેલાથી ચૂંટણીના દિવસથી 4 દિવસ પહેલા સુધી, મત કેન્દ્રો પર ઓછામાં ઓછા 6 કર્મચારી સભ્યો હશે. ચૂંટણીના દિવસ થી 3 દિવસ પહેલાથી ચૂંટણીના દિવસથી 1 દિવસ પહેલા સુધી, મત કેન્દ્રો પર જરૂરિયાત મુજબ ઓછામાં ઓછા 8 થી 15 કર્મચારી હશે.

ભાષા દીઠ ઓછામાં ઓછો એક ચૂંટણી અધિકારી હોય તેવી, અથવા તે મત કેન્દ્રના વિસ્તારમાં સૌથી સામાન્ય બોલાતી ભાષાઓમાંની દરેક માટે ઓછામાં ઓછો એક ચૂંટણી અધિકારી હોય તેવી એક યોજના પણ છે. ROV શક્ય હોય ત્યાં સુધી, વૈવિધ્યપૂર્ણ સમુદાયોમાંથી મત કેન્દ્ર કર્મચારીઓને કામે રાખશે, જેથી મતદારો વિશે પ્રક્રિયા કરવા માટે જરૂરી કૌશલ્યો મહત્તમ કરી શકાય, જ્યાં તેઓ આ સાથે મતદારો માટે દુભાષિયાઓ તરીકે કામ કરવા માટે પણ પ્રમાણિત હોય. ભરતીની શરુઆત અગાઉના દ્વિભાષી ચૂંટણી

[19] ચૂંટણી સંહિતા, વિભાગ 12, પ્રકરણ 4 ની કલમ 1

અધિકારીઓનો સંપર્ક કરીને થશે, તેમજ લાક્ષણિક ખુલ્લી-ભરતી અરજી પ્રક્રિયા વડે.

# વિભાગ 3: મતદાર સંપર્ક – વિકલાંગ મતદારો

મતદારોના રજિસ્ટ્રાર (ROV) એ વોટિંગ એક્સેસિબિલિટી એડવાઇઝરી કમિટી (VAAC) સુલભતાની ચિંતા વાળા મતદારો, જેમ કે વરિષ્ઠો અથવા વિકલાંગ મતદારો પાસેથી) નવું ચૂંટણી મોડેલ તેમને ઉત્તમ રીતે કામ કેમ લાગી શકે તેના માર્ગ જાણવા ઇનપુટ માટે મેળવવા મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC) ની સ્થાપના કરી. આ સમિતિ વિવિધ બાબતો જેવી કે મત કેન્દ્ર સ્થાનો, તેમજ કોઈપણ લાક્ષણિકતાઓ અને સેવાઓ જે પૂરી પાડવામાં આવશે, અથવા પૂરી પાડવી જોઈએ તેના વિશે પ્રતિભાવ પૂરો પાડશે. આ સમિતિ સમુદાય પાસેથી જાણવાના, અને સાથે કામ કરવાના એક સતત ચાલતા સાધન તરીકે હાજર રહેશે. સમુદાયને સાંભળવા માટે આ સમિતિ નિયમિત મળે છે. આ સમિતિ નિયમિતપણે મળે છે અને સામાન્ય લોકો માટે ઇનપુટ માટે ખુલ્લી છે. મીટિંગના સમય અને સ્થાનો સહિત VAAC વિશે વધુ માહિતી ROV વેબસાઇટ www.sccvote.org પર મળી શકે છે.

## વિકલાંગ મતદારોની જરૂરિયાતોની ઓળખ કરવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ

ROV વિકલાંગ મતદારોની જરૂરિયાતોને કેવી રીતે પૂરી કરવામાં આવે છે તેમાં સતતપણે સુધારા કરી રહ્યું છે. આમ કરવા માટે થઈને ROV ચાર (4) પ્રાથમિક સ્ત્રોતોમાંથી વિકલાંગ મતદારો અંગેની ભલામણીનું વિશ્લેષણ કરે છે: (1) વિકલાંગ નાગરિકો, (2) વિકલાંગ મતદારોને ટેકા રૂ પ સેવાઓ પૂરી પાડતાં CBOs, (3) VCAનું અમલી કરતી અન્ય કાઉન્ટીઓ, અને (4) રાજ્ય સચિવની કચેરી. જ્યાં VCA જે રીતે મતદાન હાથ ધરાય તેમાં એક બિલકુલ નવું પ્રકરણ શરું કરી રહ્યું છે, ROV પણ વિકલાંગતા ધરાવતા મતદારો (અને તેમને સમર્થન આપતાં CBOs) સાથે સંબંધો વિકસાવવામાં એક નવો તબક્કો શરું કરવાની આ તક લઈ રહ્યું છે.

ડિઝેબિલિટી રાઇટ્સ California અને Silicon Valley ઇન્ડિપેન્ડન્ટ લિવિંગ સેન્ટર એવી બે સંસ્થાઓ છે જેમણે વિકલાંગ મતદારોની જરૂરિયાતો અંગે સીધો ROVનો સંપર્ક કર્યો. શરુઆતની વાતચીતોથી લઈને, ROV એ નિમ્નલિખિત સંસ્થાઓ સાથે સંબંધને વિકસાવવાનું ચાલુ રાખ્યું છે:

- વિસ્ટા સેન્ટર ફોર ધ બ્લાઇન્ડ ઍન્ડ ધ વિઝયુઅલી ઇમ્પેર્ડ
- સ્ટેટ કાઉન્સિલ ઑન ડેવલપમેન્ટલ ડિઝેબિલિટીઝ - સેન્ટ્રલ કૉસ્ટ ઓફિસ
- હેન્ડિકેપેબલ્સ
- Santa Clara વૅલિ બ્લાઇન્ડ સેન્ટર
- San Andreas રિજિયોનલ સેન્ટર

આ નવો તબક્કો વિકલાંગ મતદારો પાસેથી સીધા મળેલા ઇનપુટની અગત્યતા પર ભાર મૂકે છે. ROV

મતદારો તરફથી સીધી આવતી હોય તેવી તમામ ભલામણોની સમીક્ષા કરવા/સમજવા માટે પ્રતિબદ્ધ છે/તૈયારી ધરાવે છે.

## વિકલાંગ સમુદાયો માટે આઉટરીચ

સામાન્ય મીડિયા ઝુંબેશઉપરાંત, ROV સુલભતાની જરૂરિયાતો વાળા મતદારોને માહિતી પૂરી પાડવા ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. આમાં દરેક મત કેન્દ્ર ખાતે સુલભ મતદાન સાધનોની ઉપલબ્ધતા વિશે માહિતી, તેમજ દૂરસ્થ સુલભ વોટ-બાય-મેઈલ (RAVBM) પ્રણાલીના વિકલ્પનો સમાવેશ કરે છે.

માહિતી વહેંચણી ની અન્ય તકોમાં આમનો સમાવેશ થાય છે:

1. અન્યોની સાથે, વરિષ્ઠો અથવા જે લોકો વિકલાંગતા ધરાવે છે તેઓ સેવાઓ અને સહાય પૂરી પાડતી સંસ્થાઓ, જેવી કે Silicon Valley ઇન્ડિપેન્ડન્ટ લિવિંગ્સ સેન્ટર, Silicon Valley કાઉન્સિલ ઑફ ધ બ્લાઇન્ડ, Santa Clara વેલી બ્લાઇન્ડ સેન્ટર ઇન્કોર્પોરેટેડ, અને ગ્રેટર ઑપોર્ટ્યુનિટી;
2. સમગ્ર કાઉન્ટીમાંના સામુદાયિક ભાગીદારો, શહેરો, વિશેષ ડિસ્ટ્રિક્ટ્સ, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ્સ, ધર્મ આધારિત સંસ્થાઓ, અને જાહેર માહિતી અધિકારીઓ;
3. "ઓપન હાઉસ" જાહેર પ્રદર્શન ખાતે પ્રદર્શિત કરેલા સુલભતા વિકલ્પો અને એક મોક (આભાસ વા ળા)) મત કેન્દ્રનો અનુભવ  કરવા માટે કોઈ મીડિયા તકો;
4. મત કેન્દ્રો ખાતે સુલભતાનો વિકલ્પ પ્રદર્શિત કરે તેવી રેડિયો અને ટેલિવિઝન જાહેર સેવાની જાહેરાતો;
5. જાહેર સેવાની જાહેરાતોને મત કેન્દ્રો ખાતે સુલભતા વિકલ્પો, તેમજ દૂરસ્થ સુલભતા વોટ-બાય-મેઈલ પ્રણાલીની ઉપલબ્ધતા પ્રદર્શિત કરવા માટે ઉપયોગમાં લેવાશે.

## વિકલાંગ મતદારો માટે સેવાઓ

તમામ મત કેન્દ્રો વિકલાંગતા વાળા અમેરિકનો અધિનિયમ (ADA) ની પૂર્તતા કરે છે. જ્યારે જરૂરી હોય, અન્ય ઉપલબ્ધ દરવાજાઓ અને પ્રવેશ માર્ગોને તમામ મતદારોને યોગ્ય સુગમતા સુનિશ્ચિત કરવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરાંત, મત કેન્દ્રોને બૅલટ માર્કિંગ ડિવાઇસ (BMD) વડે સજ્જ કરવામાં આવેલ છે, જે વિકલાંગ મતદારોને સ્વતંત્રપણે અને ખાનગી રીતે મત આપવા સમર્થ બનાવવા માટે ADA પૂર્તતા લાક્ષણિકતાઓ ધરાવે છે. તેમના ઘરેથી આરામથી મત આપવા માંગતા હોય એવા મતદારો પાસે પણ RAVBM પ્રણાલી માટે અરજી કરવાનો અને તેને ઍક્સેસ કરવાનો વિકલ્પ છે. RAVBM વડે, મતદાતાઓ તેમનું આધિકારિક મતપત્ર ડાઉનલોડ કરવા માટે એક લિંક, સાથે તેમનું મતપત્ર કેવી રીતે પ્રિન્ટ કરવું, પૂરું કરવું અને ROVને પરત કરવું તે વિશેની સૂચનાઓ

વાળો એક ઈ-મેઈલ મોકલવામાં આવશે. વિકલાંગ મતદારો સામાન્ય મતદાર માહિતી માટે (408) 299-VOTE (8683) ઉપરાંત ROVની ટોલ-ફ્રી હોટલાઇન (866) 430-VOTE (8683) પર પણ સહાય માંગી શકે છે. બંને લાઇનો ભાષા સહાય પૂરી પાડે છે.

## વિકલાંગતા સમુદાય માટે મતદાર શિક્ષણ વર્કશોપ

ROV વરિષ્ઠો અને વિકલાંગ મતદારોને ઉપલબ્ધ સુલભતા વિકલ્પો અને મત કેન્દ્ર પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડવા માટે મતદાર શિક્ષણ વર્કશોપ્સ યોજાય છે. વર્કશોપ્સમાં મત કેન્દ્ર મોડેલ વિશે શિક્ષણ, મતદાન સાધનનું પ્રદર્શન, મતદાના સાધનની સુલભતા, બૅલઅટ ડ્રોપ-બૉક્સ માહિતી, અને એક સુલભ મેઈલ-દ્વારા-મત મતપત્ર ઈલેક્ટ્રોનિક રીતે મેળવવાના વિક્લ્પોનો સમાવેશ કરે છે, પરંતુ તેટલાથી મર્યાદિત નથી. ROV વર્કશોપની સામગ્રી, સ્થાનોઅને તારીખો પસંદ કરવા માટે મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC) સભ્યોના ઇનપુટનો ઉપયોગ કરે છે.

## વિકલાંગ મતદારોને શિક્ષણ આપવા માટે ઉપયોગમાં લેવાતી સામગ્રીઓ

ROV માહિતીનો પ્રસાર કરવા માટે ઉપયોગમાં લેવાયેલ ઑડિઓ, વિઝ્યુઅલ અને લેખિત સામગ્રીઓ તૈયાર કરે છે; અને VAAC મિટિંગોમાં એકત્ર કરેલી માહિતીને આ સામગ્રીઓને વિકસાવવાની સમગ્ર પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાય છે. આ સામગ્રીઓને સંસાધનો તરીકે ROVની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ કરવામાં આવે છે. VCA જાહેરાત અથવા શિક્ષણ માટે ઉપયોગમાં લેવાયેલા કોઈપણ વિડીયો, ક્લોઝ્ડ કેપ્શનિંગ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ઉદાહરણોમાં ROVની વેબસાઇટ પર પોસ્ટ કરવામાં આવેલ VCA જાહેરાત વિડીયો અને ઓનલાઇન સ્ટ્રીમ કરેલી (અને અપલોડ કરેલી) EAP જાહેર સુનાવણીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત, ROV એ VCA માહિતી ચોપાનિયાને બ્રેઈલમાં પરિવર્તિત કરેલ છે.

## ચૂંટણી અધિકારીઓ

ROV એ ચૂંટણી અધિકારીઓ માટે ખાસ તાલીમ સામગ્રીઓ તૈયાર કરી છે. અમુક ચોક્કસ તાલીમ સામગ્રીઓ વિકલાંગ મતદારોને સમાવવા અંગે સાંસ્કૃતિક સંવેદનશીલતાના પાસા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. બીજી તાલીમ સામગ્રી ચૂંટણી અધિકારીઓને વિકલાંગ મતદારો પોતાની સાથે લાવે અને મત કેન્દ્રો ખાતે ઉપયોગમાં લેવાની જરૂર પડે તેવી વિવિધ શ્રાવ્ય અને/અથવા દૃશ્ય સહાય સાધનોને ચલાવવા અને જોડવાના ટેકનિકલ પાસા પર મદદ કરે છે. ચૂંટણી અધિકારીઓની તાલીમમાં વિકલાંગતા વાળા અને વિનાના, તમામ વ્યક્તિઓને આદરપૂર્વક સેવા કેવી રીતે પૂરી પાડવી

તે સમજવા માટે એક વૈવિધ્યતા વિડીયો પૂરો પડાય છે. અન્ય તાલીમમાં વિકલાંગ  મતદારો માટે મત કેન્દ્રને યોગ્ય રીતે તૈયાર કરવાનો સમાવેશ થાય છે. તમામ ચૂંટણી અધિકારીઓ તમામ મતદારોની વૈવિધ્યતા તરફની પ્રતિબદ્ધતા તરીકે દરેક મતદારની અનન્યતા પ્રત્યે સહાનુભૂતિ ધરાવવાની અને આદર રાખવાની સોગંદ લે છે. ચૂંટણી અધિકારીઓ તમામ મતદારોને આવકારાયેલા, માન અપાયેલા અને અગત્યના હોવાની ભાવના કરાવવાનું વચન આપે છે.

# વિભાગ 4: મત કેન્દ્ર અને બેલટ ડ્રોપ-ઑફ સ્થાન માહિતી

## મત કેન્દ્ર સ્થાનો

California ચૂંટણી સંહિતા કાઉન્ટીઓ માટે એ જરૂરી બનાવે છે કે મત કેન્દ્રો બે વહેલા મતદાન સમયગાળાઓ માટે ખુલ્લાં રાખવામાં આવે. પ્રથમ વહેલા મતદાનના સમયગાળા માટે ચૂંટણીના દિવસ ના દસ (10) દિવસો પહેલાં, અને ચૂંટણીના દિવસ  પહેલાંના ચોથા દિવસ  સહિત કુલ સાત (7) દિવસ  પહેલાં મત કેન્દ્રો ખુલ્લા હોવા આવશ્યક છે. આ ગણતરી દર 50,000 નોંધણી થયેલા કાઉન્ટી મતદારો માટે એક મત કેન્દ્ર ધરાવવા પર આધારિત છે. બીજો વહેલા મતદાનનો સમયગાળો મત કેન્દ્રી ચૂંટણીના દિવસ ના દસ (3) પહેલાં, અને ચૂંટણીના દિવસ ને સમાવીને, કુલ ચાર (4) દિવસ  પહેલાં ખુલ્લા હોવા જરૂરી બનાવે છે. આ ગણતરી દર 10,000 નોંધણી થયેલા કાઉન્ટી મતદારો માટે એક મત કેન્દ્ર ધરાવવા પર આધારિત છે.

અમુક મત કેન્દ્રના કલાકોને અનિયમિત સમયપત્રક વાળા વ્યક્તિઓને સેવા આપવા માટે અથવા તે વ્યક્તિગત સ્થાનની ઉપલબ્ધતાને કારણે ભાગ પાડેલા હોઈ શકે. આ દસ્તાવેજ પ્રકાશિત કર્યો ત્યાં સુધીમાં, હાલ કાઉન્ટીમાં 1,011,395 નોંધાયેલ મતદારો છે. વર્તમાન નોંધણીના આધારે, આવશ્યક મત કેન્દ્રોની અંદાજીત સંખ્યા નીચેના કોષ્ટક આપેલ છે.

| હદની શ્રેણી | ન્યૂનતમ જરૂરિયાત[21] |
|---|---|
| 11-દિવસમત કેન્દ્રો (દર 50k નોંધાયેલા મતદરો માટે 1) | 20 |
| 4-દિવસ મત કેન્દ્રો (દર 10k નોંધાયેલા મતદરો માટે 1) | 81 |
| **કુલ** | **101** |

## બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો

California ચૂંટણી સંહિતા પરિમાણો ગોઠવે છે જેના અનુસાર એક કાઉન્ટીએ મતદારો માટે બૅલટ ડ્રોપ -ઑફ સ્થાનો પૂરાં પાડે છે. ચૂંટણીના દિવસ સહિત, ચૂંટણીના ઓછામાં ઓછા 28 દિવસ પહેલાંથી શરૂ થાય તેવી રીતે દર 15,000 નોંધાયેલા મતદારો માટે કામકાજના કલાકો દરમિયાન ઓછામાં ઓછું એક મતપત્ર ડ્રોપ-ઑફ સ્થાન પૂરું પાડવું આવશ્યક છે. મતદારોના રજિસ્ટ્રાર (ROV) કાઉન્ટીના દરેક જીલ્લામાં ઓછામાં ઓછું એક ડ્રોફ-ઑફ સ્થાન રાખવાનું આયોજન કરે છે, જે ચૂંટણી સંહિતા દ્વારા ફરજિયાત કરેલ સંખ્યા મુજબ છે. આ દસ્તાવેજના પ્રકાશન સુધીમાં વર્તમાન નોંધણીના આધારે, આવશ્યક મત કેન્દ્રોની અંદાજીત સંખ્યા નીચેના કોષ્ટક દર્શાવેલ છે:

| હદની શ્રેણી | ન્યૂનતમ જ રૂ રિયાત |
|---|---|
| મતપત્ર ડ્રોપ-ઑફ સ્થાનો<br>(દર 15 હજાર નોંધાયેલ મતદાર દીઠ 1) | 67 |

## નિવારક પગલાં

મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે ચૂંટણી પહેલાં અને દરમ્યાન ROV નિમ્નલિખિત નિવારક સુરક્ષા ઉપાયો લાગુ કરશે:

| નિવારક સુરક્ષા ઉપાય | હેતુ |
|---|---|
| માનક સુરક્ષા પગલાં | ચૂંટણી સંબંધિત સામગ્રી અને સાધનોની એક્સેસને માર્યાદિત કરવી અને અંતે કોઈપણ સંભવિત વિક્ષેપોને રોકવા. |
| સર્વેર અને નેટવક બકઅપ | જો મુખ્ય સર્વેર અથવા નેટવક બગડી જાય તો માહિતીના પ્રવાહમાં વિક્ષેપને નિવારવા માટે. |
| મતદાન સાઇટ સાધનોનો બેકઅપ સેટ | જો કોઈ સાધન બિનઉપયોગી બની જાય તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |
| બેકઅપ સાધનો | જો કોઈપણ ઉપકરણો ગુમ થઈ જાય તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપને રોકવા માટે. |
| બૅકઅપ મતદાન પુરવઠો | જો મતદાન અંગેનો કોઈ પુરવઠો બિનઉપયોગી બને ગુમ થઈ જાય તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |
| મત કેન્દ્ર કમંચારી સ્ટેન્ડબાય પર | જો કોઈ મત કેન્દ્ર કર્મચારી ઓ ગેરહાજર હોય તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |

| | |
|---|---|
| શંકાસ્પદ વ્યક્તિ અથવા વસ્તુ વિશે ની પ્ર ક્રિ યાઓ | જો કોઈ શંકાસ્પદ વ્યક્ત અથવા વસ્તુ દેખાય તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |
| મેન્યુઅલ સિસ્ટમો તેનાત | જો ઈલેક્ટ્રનિક મતદાન સાધન બનઉપયોગી બને તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |

દરેક નિવારક સુરક્ષા ઉપાયોની વિગતવાર માહિતી માટે, કૃપા કરીને પરિશિષ્ઠ C જુઓ.

### આકસ્મિક ઘટના માટે આયોજન

ROV એક સરળ ચૂંટણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે શક્ય તમામ ઉપાયો હાથ ધરે છે, તેમ છતાં, કોઈ વિક્ષેપ થાય તે કિસ્સામાં, ROV પાસે વિક્ષેપ થાય તો પણ કામકાજ ચાલુ રાખવા માટે ચોક્કસ ઉપાયો તૈયાર છે. ROVએ અનેક મહત્ત્વના સંભવિત વિક્ષેપોની ઓળખ કરી છે:

- ચૂંટણી માહિતી સંચાલન પ્રણાલી ખોટકાવી
- વીજ પ્રવાહ ખોટકાવો
- ખરાબ હવામાન
- આગ અથવા અન્ય હોનારત
- મતદાન ઉપકરણમાં ખરાબી
- બૅલટ ઑન-ડિમાન્ડ સાધન કામ કરતું બંધ થાય
- ઇન્ટરનેટ જોડાણ ખોટકાવું
- મત કેન્દ્ર કર્મચારીઓ ગેરહાજર રહે
- ઉપયોગ ન કરી શકાય તેવું મત કેન્દ્ર

આ વિક્ષેપોની વિગતવાર માહિતી, ROVના ઉપાયો, અને આકસ્મિક ઘટનાઓ માટેના ROVના વધારાના ઉપાયો માટે, પરિશિષ્ઠ D જુઓ

## વિભાગ 5: મત કેન્દ્ર દ્ર બૅલટ સુરક્ષા અને ગોપનીયતા આયોજનો

### મત કેન્દ્ર રચના અને લે-આઉટ

આદર્શ મત કેન્દ્ર ઓછામાં ઓછા 60'x60'નું હશે જેથી નિર્દિષ્ટ ખાનગી મતદાન વિસ્તારો માટે પૂરતી જગ્યા પૂરી પાડીને મહત્તમ પ્રવાહને સુનિશ્ચિત કરી શકાય. મતદારોને યોગ્ય કર્મચારી તરફ દોરી જવા માટે એક નિર્દિષ્ટ કતાર પ્રણાલી, મતદારો માટે નવી ઇલેક્ટ્રોનિક પોલબુકમાં પ્રક્રિયા કરવા માટે એક સાઇન-ઇન ટેબલ, જ્યાં મતપત્રો પ્રિન્ટ થશે તે બૅલટઑન ડિમાન્ડ પ્રિન્ટર વિસ્તાર અને મતદાન બૂથ

તથા મતપત્ર અંકન સાધન વિસ્તારો છે. પરિશિષ્ઠ E સામાન્ય લે-આઉટ રચના દર્શાવે છે જેને એક માર્ગદર્શિકા તરીકે ઉપયોગમાં લેવાશે, પરંતુ દરેક મત કેન્દ્ર દરેક સ્થાનના પરિમાણના આધારે એક કસ્ટમાઇઝ્ડ લે-આઉટ ધરાવે છે.

## મતદાન સુરક્ષા

મતદાર ડેટાની ગોપનીયતા, અખંડિતતા, અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાંઓ લેવાઈ રહ્યાં છે. તમામ કાઉન્ટી મતદાર ડેટાને તે કાઉન્ટી કમંચારીઓ દ્વારા ઉપયોગ માટે ઉપલબ્ધ રાખવાની સાથે, ડેટાની સુરક્ષા માટે રચવામાં આવેલા સુરક્ષા ઉપાયોનો ઉપયોગ કરીને ડેટાબેઝ અને સર્વરમાંમાં સંગ્રહ કરવામાં આવી રહ્યાં છે.

મતદારોના રજિસ્ટ્રારની (ROV) મુખ્ય કચેરી ખાતે, મતદાન પ્રણાલીને એર-ગેપ કરવામાં આવે છે, અર્થાત, તેનો બાહ્ય નેટવર્કને એક્સેસ નથી. મતદાન પ્રણાલીને એક્સેસ કરવાની એકમાત્ર રીત છે પ્રણાલી જેમાં છે તે સર્વર રૂમમાં જાતે જવું. કમ્પ્યુટર સુરક્ષાના સંબંધમાં, જો ડેસ્કટોપ કમ્પ્યુટર્સને સલામત રીતે શટ ડાઉન કરવાનો સમય ન હોય તો, કર્મચારીઓએ કમ્પ્યુટરને Ctrl+Alt+Deleteનો ઉપયોગ કરીને લૉક કરવું જોઈએ. આને માટેનું કારણ એ છે કે પાવર બટનને બસ એક વાર દબાવવું જોડાણને છૂટું પાડવા અને તેને પૂરી રીતે શટ ડાઉન કરવા માટે પૂરતું ન હોય. જો પાવર ન હોય, તો કર્મચારીએ કમ્પ્યુટર્સને સંભાળવા માટેના ઉત્તમ રસ્તા માટે હેલ્પ ડેસ્ક તરફથી નિર્દેશની રાહ જોવી જોઇએ.

મત કેન્દ્ર ખાતે, કર્મચારીને તમામ મતદારોના નોંધણીના ડેટા અને મતદાર ઇતિહાસની માહિતીનો, તેઓ કોઈપણ મત કેન્દ્રો ખાતે આવે ત્યારે, લગભગ રિયલ ટાઇમ અક્સેસ હોય છે. કોઈપણ મતદાર ડેટા જે મત કેન્દ્રો ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને જેનું મત કેન્દ્ર તથા કાઉન્ટી ડેટા સર્વર્સ વચ્ચે સંચારણ કરવામાં આવે છે, તેને અધતન એન્ક્રિપ્શન ટેક્નોલૉજિનો ઉપયોગ કરીને એન્ક્રિપ્ટ કરવામાં આવે છે. માત્ર મત કેન્દ્ર ખાતેના ચોકક્સ ચૂંટણી સાધનો અને ઉપકરણોને મતદાર ડેટાનો અક્સેસ પૂરો પાડવામાં આવે છે તથા ડેટા સંચાર થઈ રહ્યો હોય અને સ્થિર હોય ત્યારે એન્ક્રિપ્ટેડ થાય છે. નિયમિત ડેટા બેકઅપ લેવામાં આવે છે, તેમજ પારદર્શિતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વપરાશકર્તા ક્રિયાઓ અને પ્રક્રિયાઓની વિગતવાર ઓડિટ ટ્રેઇલ્સ કરવામાં આવે છે.

મત કેન્દ્રો ખાતે પૂર્ણ કરાયેલા મતપત્રોને સ્કેન કરવામાં અને કોઈ નેટવર્ક સાથે ન જોડાયેલા હોય તેવા બૅલટ ટેલિંગ મશીનોનો ઉપયોગ કરીને ટેલિ (ગણતરીનો મેળ બેસાડવો) કરવામાં આવે છે. મતપત્ર ડેટાને એ ન્ક્રિપ્ટ કરવામાં આવે છે અને એક કાર્ટ્રિજ, જે ફક્ત તેને મશીનમાંથી ભૌતિક રીતે દૂર કરવામાં આવે તો જ એક્સેસ કરી શકાય, તેમાં સેવ કરવામાં આવે છે. દરેક બલેટ ટેલિંગ મશીનોમાંની કાર્ટિજને ચૂંટણીના દિવસે મતદાન પૂરું થયા પછી રાત્રે 8:00 વાગ્યે ROV મુખ્ય કચેરી

પરત મોકલવામાં આવે છે.

પ્રાપ્ત થયેલા મેઈલ-દ્વારા-મત (VBM) મતપત્રોને ROV મુખ્ય કચેરી ખાતે એકત્ર કરવામાં આવે છે અને ગણતરી કરવામાં આવે ત્યાં સુધી એક સુરક્ષિત મતપત્ર રૂમમમાં સંગ્રહ કરવામાં આવે છે. મતપત્રોને ગણી શકાય તે પહેલાં, દરેક મતપત્ર એક નોંધણી થયેલા મતદાર તરફથી જ છે તે સુનિશ્ચિત કરવા માટે VBM મતપત્ર પરબિડિયાં પરની સહીઓની ચકાસણી કરવામાં આવે છે. સહીઓની ચકાસણી થઈ જાય પછી, મતપત્રોને બહાર કાઢવામાં આવે છે અને પ્રિસિન્ક્ટ્સ અનુસાર ગોઠવવામાં તથા ગણતરી માટે સુપ્રત કરવામાં આવે છે. મતપત્રોની ગણતરી કર્યા પછી, તેને એક અલગ સુરક્ષિત સ્થળે પ્રિસિંક્ટ વાર સંગ્રહ કરવામાં આવે છે.

જો કોઈ કટોકટી સર્જાય જેમાં કર્મચારીએ મતપત્રોને મકાનમાંથી બહાર કાઢવા જરૂરી બને, તો કર્મચારી બૉક્સ અથવા ડબ્બાઓને ને ટેપ મારશે અને તેમને નવા સ્થાને ખસેડશે. જો તેમને મકાનમાંથી બહાર કાઢી ન શકાય, તો મતપત્રોને સુરક્ષિત રૂમમાંના એકમાં મૂકવામાં આવશે. ખાલી, જારી કરેલ ન હોય તેવા મતપત્રોને દૂર કરવાનો સમય ન હોય તો તેમને છોડી દેવા જોઈએ. જો સમય હોય તો, ROV અથવા તેણે નામિત કરેલ વ્યક્તિ કોરાં, જારી કરેલ ન હોય તેવા મતપત્રોનું શું કરવું તે અંગે કર્મચારીને સલાહ આપશે.

## વિભાગ 6 – બજેટ

મતદારોના રજિસ્ટ્રાર (ROV) એ મત કેન્દ્ર મોડેલ મતદાન પ્રક્રિયા વિશે મતદારોને જાણ કરવા માટે એક બહોળી ગોઠવણ કરવા માટે જરૂરી સંસાધનો માટે બજેટ અને યોજના તૈયાર કરેલ છે.

બજેટમાં આપેલા અંદાજામાં આઉટરીચ સાથે સંકળાયેલા કર્મચારીઓને લગતા અને અન્ય ખર્ચાનો સમાવેશ નથી. બજેટની વિગતવાર માહિતી નીચેના કોષ્ટક આપી છે:

| પ્રવૃત્તિ | બજેટ |
|---|---|
| **જાહેરાતનો સરવાળો** | **$115,000** |
| સમાચારપત્ર જાહેરાતો/રેડિયો સ્પોટ્સ/સોશયલ મીડિયા/મુદ્રિત જાહેરાતો | $100,000 |
| નવા રેડિયો સ્પોટ્સ | $15,000 |
| | |
| **આઉટરીચ કુલ** | **$1,135,000** |
| આઉટરીચ પુરવઠાઓ અને ડિસ્પલે | $4,000 |

| | |
|---|---|
| કાયક્રમો ખાતે આઉટરીચ ભેટ (સ્વેગ) | $14,000 |
| CBO વહેચણી માટે આઉટરીચ ભેટ | $1,800 |
| આઉટરીચ સાધનો | $8,000 |
| કાઉન્ટી મુદ્રિતમુદ્રિત/મુદ્રિત સામગ્રીઓ | $6,000 |
| વાહનના ભાડાં અને ઇંધણ | $1,200 |
| દરેક નોંધણી થયેલા મતદારને 2 સીધા મેઈલ | $1,100,000 |